જિનેન્દ્રના [illegible] વિનયથી [illegible] તે પ્રવચનભક્તિ છે. [illegible] સર્વ ગુણ પર્યાયોનું પ્રવચનમાં વર્ણન છે. [illegible] ઉપાય પ્રવચનમાં છે.

છીઓ વડે પણ કોઈ વર્ણવવા સમર્થ નથી. હે ! ભવ્યજનો, ત્રણે લોકમાં પૂજ્ય જે પ્રભાવના અંગ તે ધારણ કરો. જે પ્રભાવનાને દૃઢતાથી ધારણ કરે છે તે ઇન્દ્રાદિ દેવોને પૂજવા યોગ્ય તીર્થંકર થાય છે.

૧૬. પ્રવચનવત્સલતા ભાવના :—

પ્રવચન એટલે દેવ, ગુરુ અને ધર્મ—તેમાં વાત્સલ્ય એટલે પ્રીતિભાવ; તેનું નામ પ્રવચનવાત્સલ્યતા છે.

દેવગુરુ ધર્મનું સત્ય સ્વરૂપ જાણી દૃઢ શ્રદ્ધા સહિત ધર્મમાં રુચિવાળા ધર્માત્માઓમાં વાત્સલ્યભાવ ધારણ કરો.

ધન્ય છે તે પુરુષોને કે જે સમ્યક્જ્ઞાનથી મોહનો નાશ કરીને આત્માના ગુણોમાં વાત્સલ્યતા કરે છે.

હે! આત્મહિતના ઇચ્છક, ધન સંપદાને મહા મદ ઉપજાવનાર જાણી, દેહને અસ્થિર, દુઃખદાયી જાણી, કુટુંબને મહા બંધન જાણી, તે સર્વ પ્રત્યેથી પ્રીતિ ઉઠાવી લઈ પોતાના આત્મા પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખો. ધર્માત્મામાં, વ્રત પાળનારમાં, સ્વાધ્યાયમાં, પૂજા ભક્તિમાં વાત્સલ્ય ભાવ કરો. જે ધર્માત્માઓની સ્તુતિ કરે, પ્રશંસા કરે, માહાત્મ્ય વધારે તેને વાત્સલ્ય નામનો ગુણ હોય છે. વાત્સલ્ય ગુણના પ્રભાવથીજ સમસ્ત દ્વાદશાંગ વિદ્યા સિદ્ધ થાય છે. સિદ્ધાંતનો ઉપદેશ કરનાર ધર્માત્મા પ્રત્યે સારી ભક્તિના પ્રભાવે શ્રુતજ્ઞાનાવરણ કર્મનો રસ સુકાઈ જાય છે ત્યારે સકલ વિદ્યા સિદ્ધ થાય છે. વાત્સલ્ય ગુણના ધારકને દેવ નમસ્કાર કરે છે. વાત્સલ્ય વડે જ શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે, સમ્યગ્દર્શન નિર્દોષ બને છે, દીધેલું ધન કૃતાર્થ થાય છે.

અર્હંત દેવ, નિર્ગ્રંથ ગુરુ, સ્યાદ્વાદરૂપ પરમાગમ તથા દયારૂપ ધર્મ પ્રત્યે વાત્સલ્ય ભાવ થાય છે ને સંસાર પરિભ્રમણનો નાશ કરી, નિર્વાણ પ્રાપ્ત કરાવે છે.

આ સોળ કારણ ભાવનારૂપ ધર્મનો મહિમા અચિંત્ય છે; કારણ કે તેથી ત્રણે લોકમાં આશ્ચર્યકારી અનુપમ વૈભવના ધારક તીર્થંકરનું પદ પ્રાપ્ત થાય છે.

बारसविहतवयरणं तेरसकिरियाउ भाव तिविहेण ।
धरहि मणमत्तदुरियं णाणांकुसएण मुणिपवर ॥८०॥

द्वादशविधतपश्चरणं त्रयोदश क्रियाः भावय त्रिविधेन ।
धर [illegible] ज्ञानाङ्कुशेन मुनिप्रवर! ॥८०॥

[illegible] તપ ને ક્રિયાઓ તેર ત્રિવિધ ભાવ તું;
હે મુનિપ્રવર! [illegible] મન મત્તગજ વશ રાખ તું. ૮૦

[illegible] અને તેર પ્રકારની [illegible] મનરૂપ ઉન્મત્ત [illegible]

[illegible] છે; જેને તપશ્ચર્યા અને ક્રિયાઓ સહિત

जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं ।
तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं ॥८२॥
यथा रत्नानां प्रवरं वज्रं यथा तरुगणानां गोशीरं ।
तथा धर्माणां प्रवरं जिनधर्मं भाविभवमथनं ॥८२॥

રત્નો વિષે વર વજ્ર જ્યમ, ચંદન તરુમાં શ્રેષ્ઠ છે;
ત્યમ ધર્મમાં જિન ધર્મ ભાવો, ભવ હરે ઉત્કૃષ્ટ એ. ૮૨

જેમ રત્નોમાં ઉત્તમ વજ્ર રત્ન છે અને વૃક્ષોમાં ઉત્તમ ચંદનવૃક્ષ છે, તેમ સૌ ધર્મમાં ઉત્તમ જિનધર્મ છે, કારણ કે ભાવિ એટલે ભવિષ્યનાં જન્મ મરણને હરનાર અને સર્વોત્તમ શાશ્વત મોક્ષ સુખને આપનાર હોવાથી એ જિન વીતરાગ સર્વજ્ઞ પ્રણીત ધર્મ સર્વ ધર્મોમાં સર્વોત્કૃષ્ટ છે. તેથી ભવમુક્તિ માટે એની રુચિ, ભાવના પ્રગટાવો.

(૮૪૩) શ્રીમત્ વિતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ-સ્વરૂપ પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત્ ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.

તે શ્રીમત્ અનંત ચતુષ્ટય સ્થિત ભગવંતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કાંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવા અદ્ભુત ફલને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે. અધીરજથી ખેદ કર્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.

દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એજ દૃષ્ટિ કર્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ? એ આદિ ખેદ નહિ કરતાં, વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદ વૃત્તિ દૂર કરી આત્મા—અસંગ—શુદ્ધ—ચૈતન્યસ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તેજ વૃત્તિનું બળ રાખવું અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે.

"નિર્વિકલ્પ"

—શ્રીમદ્ રાજચંદ્ર

"ધર્મ જ જેનું અસ્થિ છે અને ધર્મ જ જેની મિંજા છે, ધર્મ જ જેનું લોહી છે, ધર્મ જ જેનું આમિષ છે, ધર્મ જ જેની [illegible] છે, ધર્મ જ જેની ઇન્દ્રિયો છે, ધર્મ જ જેનું કર્મ છે, ધર્મ જ જેનું ચલન છે, ધર્મ જ જેનું બેસવું છે, ધર્મ જ જેનું ઊઠવું છે, ધર્મ જ જેનું ઊભું રહેવું છે, ધર્મ જ જેનું શયન છે, ધર્મ જ જેની જાગૃતિ છે, ધર્મ જ જેનો આહાર છે, ધર્મ જ જેની નિદ્રા છે, ધર્મ જ જેનો વિહાર (?) છે, ધર્મ જ જેના વિકલ્પ છે, ધર્મ જ જેનો

यथा प्रस्तरः न भिद्यते परिस्थितः दीर्घकालमुदकेन ।
तथा साधुरपि न भिद्यते उपसर्गपरीषहेभ्यः ॥९५॥

પથ્થર ડૂબ્યો પાણી વિષે, ચિરકાળ પણ પીગળે નહીં;
ત્યમ સાધુ પણ પરિષહ તથા ઉપસર્ગમાંય ચળે નહીં. ૯૫

પાણીમાં દીર્ઘકાળ રહેવા છતાં પાષાણ કદી પીગળતો નથી, તેમ સાધુ પણ ગમે તેવા પરિષહ કે ઉપસર્ગ આવી પડે, પણ તેને અડોલ રહી સહન કરે છે, પણ તેમાંથી ચલાયમાન થતા નથી. ૯૫

भावहि अणुवेक्खाओ अवरे पणवीसभावणा भावि ।
भावरहिएण किं पुण वाहिरलिंगेण कायव्वं ॥९६॥

भावय अनुप्रेक्षाः अपराः पंचविंशति भावनाः भावय ।
भावरहितेन किं पुनः बाह्यलिंगेन कर्त्तव्यम् ॥९६॥

તું ભાવ દ્વાદશ ભાવના, પચ્ચીસ મહાવ્રતની સદા;
જો ભાવ વિરહિત બાહ્યલિંગે કાર્યસિદ્ધિ શું કદા? ૯૬

અનિત્યાદિ બાર ભાવનાઓ તથા પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓને તું ભાવ, ચિંતન; જેથી પરિષહ ઉપસર્ગ સહન કરવામાં બળ રહે અને ભાવ પણ શુદ્ધ રહે. ભાવ વગરનું એકલું બાહ્યલિંગ શું કામનું છે? અર્થાત્ કંઈ પણ કામનું નથી. આ બાર ભાવનાઓ વિસ્તારથી સ્વામી કાર્તિકયાનુપ્રેક્ષા આદિ ગ્રંથોથી જાણીને નિરંતર ચિંતવનમાં રહેવા યોગ્ય છે.

સમર્થ તત્ત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષની વયે માત્ર ત્રણ દિવસમાં ૧૦૮ પાઠનો મોક્ષમાળા ગ્રંથ રચ્યો છે. તેના ૨૧મા શિક્ષાપાઠમાં બાર ભાવનાનું સ્વરૂપ સંક્ષેપમાં નીચે પ્રમાણે પ્રકાશ્યું છે.

વૈરાગ્યની અને તેવા આત્મહિતૈષી વિષયોની સુદ્રઢતા થવા માટે બાર ભાવના ચિંતવવાનું તત્ત્વજ્ઞાનીઓ કહે છે.

૧. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે; એમ ચિંતવવું તે પહેલી 'અનિત્યભાવના'

૨. સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી, માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે; એમ ચિંતવવું તે બીજી 'અશરણભાવના.'

૩. આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ? એ સંસાર મારો નથી, હું મોક્ષમયી છું; એમ ચિંતવવું તે ત્રીજી 'સંસારભાવના.'

૪. આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે; પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે; એમ ચિંતવવું તે ચોથી 'એકત્વભાવના.'

૧. અનિત્ય ભાવનાઃ—

જો, સ્વપ્ન તુલ્ય સઘળી રચના વિચિત્ર !
સંસાર ભોગ તનુ પુત્ર કલત્ર મિત્ર;
આયુષ્ય છે ક્ષણ વિષે વિણસી જનાર,
તું નિત્ય શાશ્વત સુખે પરિપૂર્ણ ધાર. ૪

૨. અશરણ ભાવનાઃ—

મૃત્યુ વિકાસી મુખ જો રહ્યું છે તકાસી,
તે દુઃખમાં શરણ કોણ સમીપવાસી ?
સદ્ધર્મ સત્ય શરણું ઉરમાં ઉતારો,
સૌ સ્નેહ જાળ કદિ સ્હાય નહીં વિચારો. ૫

૩. સંસાર ભાવનાઃ—

સંસાર સર્વ ભમીઓ જીવ કર્મવેષે,
નૃત્યો કર્યાં, દુઃખ અસહ્ય સહ્યાં વિશેષે;
સંસાર જંજીર ચતુર્ગતિ છેદિ ભેદી,
મુક્તિ સ્વધામ સુખધામ વરીશ કે દી ? ૬

૪. એકત્વ ભાવનાઃ—

એકાકી જન્મ સમયે, પરલોક જાતાં,
એકાકી કર્મફળ દુઃખ વિષે દહાતાં;
એકાંત શુદ્ધ નિજ આત્મસ્વરૂપ ભાળો,
એકત્વ ભાવ ધરી ચિત્ત વિભાવ ટાળો. ૭

૫. અન્યત્વ ભાવનાઃ—

જ્ઞાનાદિ આત્મધન શાશ્વત એક તારું,
એ વિણ અન્ય જગમાં જીવ જાણ ન્યારું;
[illegible] વિવેક વડે વિચારો,
તું અન્ય દ્રવ્ય થકી ભાવ સદાય ન્યારો. ૮

૬. અશુચિ ભાવનાઃ—

મૃત્યુ જરા વિવિધ વ્યાધિ નિદાન દેહે,
[illegible] મળમૂત્ર વિષે શું મોહે ?
સૌંદર્ય એ શરીરનું [illegible] લાગે,
[illegible] ઉરમાં [illegible] ૯

૭. આસ્રવ ભાવનાઃ—

[illegible]
[illegible] ?

सर्वविरतः अपि भावय नव पदार्थान् सप्त तत्त्वानि ।
जीवसमासान् मुने ! चतुर्दशगुणस्थाननामानि ॥९७॥

વ્રતધારી તો પણ સાત તત્ત્વ પદાર્થ નવ ચિંતવ સદા;
મુનિ ! ભાવ જીવસમાસને ગુણસ્થાન ચૌદ ધરી મુદા. ૯૭

તું પરિગ્રહાદિથી વિરક્ત થઈ, સર્વવિરતિ મુનિ થયો છે તો પણ ભાવશુદ્ધિ માટે સાત તત્ત્વ, નવ પદાર્થ, ચૌદ જીવ સમાસ, ચૌદ ગુણસ્થાનક આદિનું ચિંતવન કર. ૯૭

णवविहबंभं पयडहि अब्बंभं दसविहं पमोत्तूण ।
मेहुणसण्णासत्तो भमिओसि भवण्णवे भीमे ॥९८॥
नवविधब्रह्मचर्यं प्रकटय अब्रह्म दशविधं प्रमुच्य ।
मैथुनसंज्ञासक्तः भ्रमितोऽसि भवार्णवे भीमे ॥९८॥

દશવિધિ ટાળી અબ્રહ્મ પાળો બ્રહ્મચર્ય વિધિ નવે;
મૈથુન સંજ્ઞાસક્ત તું ચિર ભમ્યો ભીમ ભવાર્ણવે. ૯૮

હે જીવ ! તું દશ પ્રકારનાં અબ્રહ્મ તજીને નવવાડ વિશુદ્ધ એવું બ્રહ્મચર્ય પાળ. કારણ કે વિષયાભિલાષ કે કામસેવનની ઇચ્છામાં આસક્ત એવા તેં અશુદ્ધ ભાવે કરી ભયાનક સંસાર સમુદ્રમાં ભ્રમણ કર્યા કર્યું છે.

મૈથુન સંજ્ઞામાં આસક્ત થઈ, જીવ ગૃહસ્થપણામાં અનેક ઉપાયોથી સ્ત્રી સેવનાદિક અશુદ્ધ ભાવો વડે અશુભ કાર્યો કરી ભયાનક સંસાર સમુદ્રમાં ભમ્યા કરે છે. તેથી અહીં દશ પ્રકારનાં અબ્રહ્મચર્યને તજી નવ પ્રકારનાં બ્રહ્મચર્ય પાળવા ઉપદેશ છે.

(૧) સ્ત્રીનું ચિંતવન કરવું; (૨) તેને જોવાની ચિંતા; (૩) શ્વાસ નાંખવા; (૪) જ્વરની ઉત્પત્તિ થવી; (૫) દાહ ઉપજવો; (૬) કામની રુચિ થવી; (૭) મૂર્છા આવવી; (૮) ઉન્માદ થવો, (૯) જીવનનો સંદેહ ઉપજવો; (૧૦) મરણ થવું; આ દશ અબ્રહ્મ છે.

(૧) સ્ત્રી સેવવાની અભિલાષ; (૨) સ્ત્રીનાં અંગનો સ્પર્શ; (૩) પુષ્ટરસનું સેવન; (૪) સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં બેસવું, સ્ત્રી સંસક્ત શય્યાદિકનું સેવન; (૫) સ્ત્રીનાં મુખ નેત્ર આદિ જોવાં (૬) સ્ત્રીનો સત્કાર પુરસ્કાર કરવો; (૭) પૂર્વે કરેલ સ્ત્રીસેવનની સ્મૃતિ કરવી; (૮) આગામી સ્ત્રીસેવનની અભિલાષા કરવી; (૯) મનવાંછિત ઇષ્ટ વિષયનું સેવન કરવું આ નવભેદે અબ્રહ્મનો ત્યાગ તે નવવિધ બ્રહ્મચર્ય કહ્યું છે. અથવા મનવચન કાયથી, કૃત કારિત અનુમોદના વડે બ્રહ્મચર્ય પાળવું તે પણ નવવિધ બ્રહ્મચર્ય કહેવાય. આમ બ્રહ્મચર્યનું પાલન કરવું તે ભાવશુદ્ધિનો ઉપાય છે. ૯૮

भावरहिओ ण मुणिवर पावइ आराहणाचउक्कं च ।
भावरहिओ य मुणिवर भमइ चिरं दीहसंसारे ॥९९॥
भावरहितः न मुने ! प्राप्नोति आराधनाचतुष्कं च ।
भावरहितश्च मुनिवर भ्रमति चिरं दीर्घसंसारे ॥९९॥

सचित्तभक्तपानं गृद्धया दर्पेण अधीः प्रभुज्य।
प्राप्तोऽसि तीव्रदुःखं अनादिकालेन त्वं चिन्तय ॥१०२॥

મદ ગૃદ્ધિ વશ થઇ અજ્ઞ! કીધાં અશનપાન સચિત્ત જે;
હે! આત્મ, કાળ અનાદિથી તેથી સહ્યાં દુઃખ તીવ્ર તેં. ૧૦૨

હે જીવ! અનાદિ કાળથી જીવના સ્વરૂપને નહિ જાણવાથી તેં અજ્ઞાની રહીને, ગર્વ અને ઉદ્ધતપણા સહિત, સચિત્ત, જીવસહિત આહાર પાણી ગ્રહણ કરીને સંસારમાં નરકાદિકનાં તીવ્ર દુઃખ ભોગવ્યાં છે, તેનો વિચાર કર. તે યાદ કરીને હવે ફરીથી તેવાં દુઃખ ન ભોગવવાં પડે તે માટે ભાવશુદ્ધિ કરી સચિત્ત આહાર પાનનો ત્યાગ કર. ૧૦૨

कंदं मूलं वीयं पुप्फं पत्तादि किंचि सच्चित्तं।
असिऊण माणगव्वे भमिओसि अणंतसंसारे ॥१०३॥

कंदं मूलं बीजं पुष्पं पत्रादि किंचित् सचित्तम्।
अशित्वा मानगर्वे भ्रमितः असि अनंतसंसारे ॥१०३॥

રે! કંદમૂલ બીજ પત્ર પુષ્પ સચિત્ત કિંચિત્ ખાઇને;
જીવ! તું અનંત ભવે ભમ્યો અભિમાન મદવશ હોઇને. ૧૦૩

કંદ; આદુ, મૂળા, ગાજર આદિ મૂળ; પુષ્પ, અને નાગર વેલ આદિનાં પાન તે પત્ર, ચણા વગેરે બીજ, ઇત્યાદિ જે કાંઇ સચિત્ત વસ્તુ છે તેને અભિમાન તથા ગર્વવશે ભક્ષણ કરી તું અનંત સંસારમાં ભમ્યો. માટે હવે આ ભવમાં તો તેનું ભક્ષણ કરીશ નહિ.

विणयं पंचपयारं पालहि मणवयणकायजोएण।
अविणयणरा सुविहियं तत्तो मुत्तिं न पावंति ॥१०४॥

विनयं पंचप्रकारं पालय मनोवचनकाययोगेन।
[illegible] सुविहितां ततो मुक्तिं न प्राप्नुवन्ति ॥१०४॥

તું પાળ મન વચ કાય યોગે વિનય પાંચ પ્રકારનો;
[illegible] મુક્તિ નહિ કદાપિ પામતા અવિનીત જનો. ૧૦૪

વિનય વિના મુક્તિ નથી, તેથી વિનયનો ઉપદેશ કરે છે કે જીવ! અવિનયવાન [illegible] ઉત્તમ, અભ્યુદય, તીર્થંકર પદ [illegible] સમ્યગ્દર્શન આદિ ગુણમાં [illegible] (૧) તેમને [illegible] (૪) આમા [illegible] (૫) [illegible]

[illegible] વિનય કરીને [illegible] ૧૦૪

पावं खवइ असेसं खमाए परिमंडिओ य मुणिपवरो ।
खेयरअमरणराणं पसंसणीओ धुवं होइ ॥१०८॥

पापं क्षिपति अशेषं क्षमया परिमंडितः च मुनिप्रवरः ।
खेचरामरनराणां प्रशंसनीयः ध्रुवं भवति ॥१०८॥

મુનિવર ક્ષમાગુણ ભૂષિત જો તે પાપ સઘળાં ક્ષય કરે;
નર અમર વિદ્યાધર થકી તે, પ્રશંસિત બને ખરે. ૧૦૮

જે મુનિઓમાં શ્રેષ્ઠ, ક્રોધના અભાવરૂપ ક્ષમા ગુણ વડે વિભૂષિત છે તે મુનિ સમસ્ત પાપોનો ક્ષય કરે છે અને વિદ્યાધરો, દેવો તથા મનુષ્યો દ્વારા ખરેખર પ્રશંસા પામે છે. ૧૦૮

इय णाऊण खमागुण खमेहि तिविहेण सयलजीवाणं ।
चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह ॥१०९॥

इति ज्ञात्वा क्षमागुण ! क्षमस्व त्रिविधेन सकलजीवान् ।
चिरसंचितक्रोधशिखिनं वरक्षमासलिलेन सिंच ॥१०९॥

હે ક્ષમાગુણી ! આ જાણી ખમજે ત્રિવિધ સઘળા જીવને;
ચિરકાળ સંચિત ક્રોધ અગ્નિ, ક્ષમાજળ વર સિંચને. ૧૦૯

હે ક્ષમાગુણના ધારક ! ઉપર કહ્યું તે પ્રમાણે જાણીને, મન વચન કાયાથી સર્વ જીવોને ક્ષમા કર અને દીર્ઘ કાળથી એકઠો કરેલો ક્રોધરૂપ અગ્નિ તેને ઉત્તમ ક્ષમારૂપી જળથી શાંત કર.

दिक्खाकालाईयं भावहि अवियारदंसणविसुद्धो ।
उत्तमबोहिणिमित्तं असारसाराइं मुणिऊण ॥११०॥

दीक्षाकालादिकं भावय अविकारदर्शनविशुद्धः ।
उत्तमबोधिनिमित्तं असारसाराणि ज्ञात्वा ॥११०॥

અવિકાર ! દર્શનશુદ્ધ દીક્ષાકાળ આદિ ભાવ તું;
રે ! જાણી સારાસાર ઉત્તમ બોધિ ઉર પ્રગટાવ તું. ૧૧૦

'અવિકાર' ને સ્થાને અવિચાર ! એમ પાઠાંતર છે ત્યાં હે વિવેકરહિત મુનિ ! એમ અર્થ થાય છે. અવિકાર પાઠાંતર છે ત્યાં હે મુનિ ! વિકાર રહિત, અતીચાર રહિત, સમ્યગ્દર્શનથી વિશુદ્ધ અત્યંત વૈરાગ્યપૂર્ણ એવા દીક્ષાકાળ આદિ એટલે દીક્ષા સમયમાં, રોગોત્પત્તિ, દારિદ્ર-કાળ વગેરે સમયમાં તારાં ઉજ્જવળ પરિણામ કેવાં હતાં ? તેનું સ્મરણ કર. દારિદ્રકાળમાં રોગાદિ કાળમાં તેં ધર્મમય ભાવો, ઉજ્જવળ પરિણામ આવ્યાં હતાં તેનું સ્મરણ કરી, હે અવિચાર ! વિવેકરહિત જીવ ! સદા કાળ તેવા વૈરાગ્યમય ભાવોને ભાવ, ચિંતવ. અથવા હે અવિકાર ! [illegible] આદિ અશુભ ભાવ રહિત જીવ ! સમ્યગ્દર્શન વડે વિશુદ્ધ એવો તું, [illegible] આદિ [illegible] વડે પૂજ્ય હોવાથી, જે ઉત્તમ છે એવા [illegible] [illegible] માટે [illegible] જાણીને, પૂર્વે દીક્ષાકાળાદિ સમયમાં [illegible] [illegible] વૈરાગ્યપૂર્ણ ભાવોને ભાવ, ચિંતવ. ૧૧૦

આત્મભાવનાથી પવિત્ર થઈને, પૂજા લાભ આદિ નહિ ઇચ્છતાં, ખુલ્લા મેદાનમાં સૂવું, આતાપન યોગ એટલે પર્વતના શિખર ઉપર તાપમાં ઊભા રહીને ધ્યાન ધરવું, વૃક્ષની નીચે બેસવું આદિ ઉત્તર ગુણોનું પાલન કર. ૧૧૩

भावहि पढमं तच्चं बिदियं तदियं चउत्थ पंचमयं।
तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं॥११४॥
भावय प्रथमं तत्त्वं द्वितीयं तृतीयं चतुर्थं पंचमकं।
त्रिकरणशुद्धः आत्मानं अनादिनिधनं त्रिवर्गहरं॥११४॥

તું ભાવ પહેલા દ્વિતીય ત્રીજા ચતુર્થ પંચમ તત્ત્વને;
ત્રિકરણ શુદ્ધ ત્રિવર્ગહર આત્મા અનાદિ અનંતને. ૧૧૪

હે આત્મન્! ત્રિકરણ એટલે મન, વચન, કાયાથી કરવું, કરાવવું અનુમોદવું એ ત્રણેથી શુદ્ધ થઈને, પહેલા જીવ તત્ત્વનું, બીજા અજીવ તત્ત્વનું, ત્રીજા આસ્રવ તત્ત્વનું, ચોથા બંધ તત્ત્વનું, પાંચમા સંવર તત્ત્વનું, તથા ધર્મ, અર્થ, કામ એ ત્રણ પુરુષાર્થરૂપ ત્રિવર્ગને હરનાર અને મોક્ષસ્વરૂપ અનાદિ અનંત એવા આત્માનું તું ધ્યાન ધર. ૧૧૪

जाव ण भावइ तच्चं जाव ण चिंतेइ चिंतणीयाइं।
ताव ण पावइ जीवो जरमरणविवज्जियं ठाणं॥११५॥
यावन्न भावयति तत्त्वं यावन्न चिंतयति चिंतनीयानि।
तावन्न प्राप्नोति जीवः जरामरणविवर्जितं स्थानम्॥११५॥

જ્યાં સુધી તત્ત્વ ન ભાવતા, વળી ધ્યેયને નહિ ધ્યાવતા;
ત્યાં સુધી મૃત્યુ જરા વિવર્જિત, સ્થાન જીવ ન પાવતા. ૧૧૫

જ્યાં સુધી આત્મા જીવાદિ તત્ત્વોની ભાવના ભાવતો નથી તથા ચિંતવન કરવા યોગ્ય ધર્મ ધ્યાન, શુક્લ ધ્યાન તથા અનુપ્રેક્ષા (બાર ભાવના) આદિનું ચિંતવન કરતો નથી, ત્યાં સુધી જરામરણ રહિત સ્થાન અર્થાત મોક્ષને પામતો નથી. ૧૧૫

पावं हवइ असेसं पुण्णमसेसं च हवइ परिणामा।
परिणामादो बंधो मुक्खो जिणसासणे दिट्ठो॥११६॥
पापं भवति अशेषं पुण्यमशेषं च भवति परिणामात्।
परिणामाद् बंधः मोक्षः जिनशासने दृष्टः॥११६॥

પરિણામથી [illegible] પુણ્ય, પાપ પણ પરિણામથી;
જિન શાસને બંધન અને મુક્તિ ય કહી પરિણામથી. ૧૧૬

આત્માના પરિણામ, ભાવથી જ સમસ્ત પુણ્ય કે પાપ થાય છે એમ જિન શાસનમાં કહ્યું છે.

૧ આત્માના [illegible] પરિણામે કર્મને નિર્જરે છે, બાંધે છે. (શુભ) પરિણામથી સમસ્ત પાપ નિર્જરે છે [illegible] સમસ્ત પુણ્ય નિર્જરે છે. પરિણામથી જ બંધ અને મોક્ષ જિનશાસનમાં કહ્યો છે. માટે શુદ્ધ આત્મભાવનાનાં પરિણામ જ કર્તવ્ય છે.

હે જીવ! તું એમ વિચાર કે આઠ કર્મો વડે હું ઢંકાઇ ગયો છું, ગાઢ બંધાઈ ગયો છું, તે કર્મોને બાળી ભસ્મ કરી અનંત જ્ઞાનાદિ ગુણરૂપ ચેતનાને પ્રગટ કરું. ૧૧૯

सीलसहस्सट्ठारस चउरासीगुणगणाण लक्खाइं ।
भावहि अणुदिणु णिहिलं असप्पलावेण किं बहुणा ॥१२०॥

शीलसहस्राष्टादश चतुरशीतिगुणगणानां लक्षाणि ।
भावय अनुदिनं निखिलं असत्प्रलापेन किं बहुना ? ॥१२०॥

અઠ્ઠદશ સહસ જે શીલ ઉત્તર ભેદ લખ ચોરાસી જે;
ભાવો નિરંતર ભાવના મુનિ! અધિક શું કહેવાથી છે? ૧૨૦

હે મુનિ! તું પ્રતિદિન અઢાર હજાર પ્રકારે શીલ તથા ચોરાસી લાખ પ્રકારના ઉત્તર ગુણો, એ સર્વનું ચિંતન કર, તેની ભાવના ભાવ, તે પ્રાપ્ત થાય તેમ પ્રવર્ત. વ્યર્થ બહુ મિથ્યા વદવાથી શો લાભ છે? ૧૨૦

झायहि धम्मं सुक्कं अट्ट रउद्दं च झाण मुत्तूण ।
रुद्दट्ट झाइयाइं इमेण जीवेण चिरकालं ॥१२१॥

ध्याय धर्म्यं शुक्लं आर्त्तं रौद्रं च ध्यानं मुक्त्वा ।
रौद्रार्त्ते ध्याते अनेन जीवेन चिरकालम् ॥१२१॥

નષ્ટ આર્ત્ત રૌદ્ર કુધ્યાન, ધ્યાવો ધર્મ શુક્લ તમે હવે;
ચિરકાળ ધ્યાયાં ધ્યાન એ બે, આર્ત્તરૌદ્ર ભવે ભવે. ૧૨૧

હે જીવ! તું આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાનને છોડીને ધર્મ અને શુક્લ ધ્યાનને ધ્યાન કર. આર્ત્ત અને રૌદ્ર એ બે ધ્યાન તો તેં અનાદિ કાળના પરિભ્રમણમાં અનંત કાળ ધ્યાયાં છે. ૧૨૧

जे के वि दव्वसवणा इंदियसुहआउला ण छिंदंति ।
छिंदंति भावसवणा झाणकुठारेहिं भवरुक्खं ॥१२२॥

ये केऽपि द्रव्यश्रमणा इन्द्रियसुखाकुलाः न छिन्दन्ति ।
छिन्दन्ति भावश्रमणाः ध्यानकुठारैः भववृक्षम् ॥१२२॥

જે દ્રવ્ય શ્રમણો વિષયસુખ આકુલ તે ના છેદતા;
ભવવૃક્ષ ધ્યાનકુઠારથી પણ ભાવ શ્રમણ ઉચ્છેદતા. ૧૨૧

જે ઇંદ્રિય જનિત સુખોથી આકુળ દ્રવ્યલિંગી મુનિઓ છે, તે સંસારવૃક્ષને છેદતા નથી. પરંતુ જે ભાવલિંગી મુનિઓ છે, તે ધ્યાનરૂપ કુહાડીથી સંસારવૃક્ષને છેદે છે, અર્થાત્ [illegible] ભાવલિંગી મહાપુરુષો જન્મમરણાદિરૂપ [illegible] ૧૨૨

जह दीवो गब्भहरे मारुयबाहाविवज्जिओ जलइ ।
तह रायानिलरहिओ झाणपईवो वि पज्जलइ ॥१२३॥

શીતળ સમાધિ સુખથી પરિપૂર્ણ શિવ, શુદ્ધ, બુદ્ધ, સિદ્ધ ભગવાન બની મોક્ષમાં પરમાનંદ-મંદિરમાં નિત્ય નિરંતર વિરાજમાન થાય છે. ૧૨૫

जह बीयम्मि य दड्ढे ण वि रोहइ अंकुरो य महिवीढे ।
तह कम्मबीयदड्ढे भवंकुरो भावसवणाणं ॥१२६॥

यथा बीजे च दग्धे नापि रोहति अंकुरश्च महीपीठे ।
तथा कर्मबीजदग्धे भवांकुरो भावश्रमणानाम् ॥१२६॥

જો બીજ દગ્ધ બને મહીતલ અંકુરા કદી ના ઉગે;
ત્યમ કર્મબીજ બળયે ભવાંકુર ભાવમુનિને ના ઉગે. ૧૨૬

જેમ બી બળી જાય તો તેમાંથી જમીનમાં કદી અંકુરા ફૂટી નીકળતા નથી તેમ જ્ઞાનાવરણાદિ કર્મોનું બીજ મિથ્યાત્વાદિ જેમણે બાળી નાખ્યું છે તેવા સમ્યગ્દૃષ્ટિ ભેદ જ્ઞાનની ભાવનાવાળા ભાવ શ્રમણને સંસારમાં જન્મ મરણાદિથી વ્યાપ્ત ચતુર્ગતિનાં ભ્રમણરૂપ અંકુરા ઉગતા નથી. અર્થાત સંસારભ્રમણનો અંત આવે છે. ૧૨૬

भावसवणो वि पावइ सुक्खाइं दुहाइं दव्वसवणो य ।
इय णाउं गुणदोसे भावेण य संजुदो होइ ॥१२७॥

भावश्रमणः अपि प्राप्नोति सुखानि दुःखानि द्रव्यश्रमणश्च ।
इति ज्ञात्वा गुणदोषान् भावेन च संयुतः भव ॥१२७॥

જો ભાવ શ્રમણો સુખ લહે, દુઃખ દ્રવ્ય શ્રમણો ભોગવે;
રે! જાણી એ ગુણદોષને, તું ભાવ સંયુત થા હવે. ૧૨૭

જે સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાનની ભાવનાવાળા ભાવ શ્રમણો છે તે નિરાકુળતા લક્ષણવાળા આત્મિક પરમાનંદમય અનંત સુખને પામે છે. જ્યારે દ્રવ્ય શ્રમણો સમ્યક્ત્વ રહિત હોવાથી સંસારનો અભાવ નહિ કરી શકતા હોવાથી પરિભ્રમણનાં દુઃખોને પામે છે. આ પ્રમાણે ભાવથી થતા ગુણો, આત્મલાભ, અને દ્રવ્ય માત્રથી થતા દોષ, હાનિને જાણીને, ભાવથી સુખ પામો, ભાવસંયમી બનો. દ્રવ્ય સંયમ, માત્રથી કૃતાર્થતા ન માનો. ૧૨૭

तित्थयरगणहराइं अब्भुदयपरंपराइं सोक्खाइं ।
पावंति भावसहिया संखेवि जिणेहिं वज्जरियं ॥१२८॥

तीर्थंकरगणधरादीनि अभ्युदयपरंपराणि सौख्यानि ।
प्राप्नुवन्ति भावसहिताः संक्षेपेण जिनैः भणितम् ॥१२८॥

[illegible] તીર્થંગતિનાં તે લહે;
જે ભાવથી સંયુક્ત છે, સંક્ષેપમાં જિનવર કહે. ૧૨૮

જે ભાવ સહિત મુનિ છે તે [illegible] અભ્યુદય અને તીર્થંકર પદ આદિ કલ્યાણકી [illegible] અનંત ચતુષ્ટયરૂપ અનંત આત્મિક [illegible] કહ્યું છે. માટે ભાવ સહિત સંયમ [illegible] ૧૨૮

आक्रमते यावन्नजरा रोगाग्निर्यावन्न दहति देहकुटिम् ।
इन्द्रियबलं न विगलति तावत् त्वं कुरु आत्महितं ॥१३२॥

જ્યાં લગી જરા ઘેરે ન, રોગાગ્નિથી તન કુટિના બળે;
ઇન્દ્રિય બળ કમી થાય ના, નિજ હિત કરીલે ત્યાં લગે. ૧૩૨

હે જીવ ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થાનાં દુઃખોથી શરીર ઘેરાઈ ગયું નથી, જ્યાં સુધી શરીરરૂપી કુટિર, ઝુંપડી અનેક પ્રકારના રોગોરૂપ અગ્નિની જ્વાલાથી સળગી ઊઠી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ હાનિ પામ્યું નથી, ઓછું થયું નથી, ત્યાં સુધીમાં જન્મમરણનાં દુઃખ ટાળવા અને શાશ્વત મોક્ષસુખ પામવારૂપ આત્મહિત ત્વરાથી કરી લે. ૧૩૨

छज्जीव पडायदणं णिच्चं मणवयणकायजोएहिं ।
कुरु दय परिहर मुणिवर भावि अपुव्वं महासत्तं ॥१३३॥

षट्जीवान् षडायतनानां नित्यं मनोवचनकाययोगैः ।
कुरु दयां परिहर मुनिवर ! भावय अपूर्वं महासत्त्व ! ॥१३३॥

ષટ્ કાય જીવદયા કરો, તજી આયતન ષટ્ ત્રિવિધે;
મહાસત્ત્વ! આતમભાવના ભાવો અપૂર્વ સુખોદધિ. ૧૩૩

હે અપૂર્વ પરિણામના ધારક મહાસત્ત્વ મુનિવર ! તમે મન વચન કાયાથી સદા છ કાય જીવની રક્ષા કરો. પાપનાં છ સ્થાનક અનાયતન છે તેનો ત્યાગ કરો તથા પૂર્વે કદી ભાવી નથી એવી અપૂર્વ પોતાના ચૈતન્યસ્વરૂપ સહજાત્માની ભાવના ભાવો.

કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તથા એ ત્રણેની સેવા ભક્તિ કરનારા એ ધર્મનાં આયતન એટલે સ્થાન નથી માટે અનાયતન કહ્યાં છે.

જે રાગી, દ્વેષી, કામી, ક્રોધી, લોભી, શસ્ત્ર, સ્ત્રી આદિ સહિત દેવો છે તેમનામાં સમ્યક્ ધર્મ નથી. તેથી કુદેવ છે, તે અનાયતન છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયોના લોલુપી, પરિગ્રહમાં આસક્ત, આરંભ કરનારા, વેષધારી તે ગુરુ નથી, ધર્મ રહિત છે તેથી તે અનાયતન છે.

હિંસાના આરંભની પ્રેરણા કરનાર રાગદ્વેષાદિ દોષોને વધારનાર, સર્વથા એકાંત [illegible] માર્ગો તે કુશાસ્ત્ર ધર્મરહિત છે, તેથી અનાયતન છે.

દેવી, ક્ષેત્રપાલ આદિ દેવોને વંદન કરનાર, માન્યતા માનનાર, અનાયતન છે.

કુગુરુને સેવનારા, ભક્તિ કરનારા ધર્મથી રહિત છે, તે અનાયતન છે.

મિથ્યાશાસ્ત્રને ભણનારા, તેની સેવા ભક્તિ કરનારા એકાંતી, ધર્મનાં સ્થાન નથી તેથી અનાયતન છે.

આ પ્રકારે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેની સેવાભક્તિ કરનારા એ છએમાં ધર્મ નથી, તેથી અનાયતન છે. તેથી તેનો ત્યાગ કર્તવ્ય છે. તેથી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે. ૧૩૩

ण मुयइ पयडि अभव्वो सुट्ठु वि आयण्णिऊणजिणधम्मं ।
गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति ॥१३८॥

न मुंचति प्रकृतिमभव्यः सुष्ठुमपि आकर्ण्य जिनधर्मम् ।
गुडदुग्धमपि पिबंतः न पन्नगाः निर्विषाः भवंति ॥१३८॥

જિનધર્મ અતિશય સાંભળ્યેય અભવ્ય પ્રકૃતિ ના તજે;
વિષધરો સાકરદૂધ પણ પીતાં ન નિર્વિષ નીપજે. ૧૩૮

અભવ્ય જીવ જિનધર્મને સારી રીતે સાંભળ્યા છતાં પણ પોતાની પ્રકૃતિ, મિથ્યાત્વને તજતા નથી. જેમ સાકર સહિત દૂધને પણ પીનાર સર્પો પોતાનું વિષ તજતા નથી. ૧૩૮

मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं ।
धम्मं जिणपण्णत्तं अभव्वजीवो ण रोचेदि ॥१३९॥

मिथ्यात्वछन्नदृष्टिः दुर्धिया दुर्मतैः दोषैः ।
धर्मं जिनप्रज्ञप्तं अभव्यजीवः न रोचयति ॥१३९॥

મિથ્યાત્વરોધિત દૃષ્ટિથી, વળી કુમતરૂપ દોષો થકી;
દુર્બુદ્ધિ યુક્ત અભવ્યને, જિન માર્ગમાં રુચિ ના થતી. ૧૩૯

મિથ્યાત્વ પરિણામથી જેની જ્ઞાનદૃષ્ટિ ઢંકાઈ ગઈ છે એવો અભવ્ય જીવ, મિથ્યામતરૂપી દોષોથી ઉત્પન્ન થયેલી મિથ્યાબુદ્ધિને કારણે જિનેન્દ્ર ભગવાને કહેલા ધર્મમાં રુચિ શ્રદ્ધા, કરતો નથી. ૧૩૯

कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो ।
कुच्छियतवं कुणंतो कुच्छियगइभायणो होइ ॥१४०॥

कुत्सितधर्मे रतः कुत्सितपाषंडिभक्तिसंयुक्तः ।
कुत्सिततपः कुर्वन् कुत्सितगतिभाजनं भवति ॥१४०॥

નિન્દિતધર્મે રક્ત, ભક્તિ અધમ પાખંડિની કરે;
નિન્દિત તપ કરતો અને, તે નીચ ગતિ ભાજન ખરે. ૧૪૦

જે જીવો નિંદ્ય મિથ્યાધર્મમાં રક્ત છે, મિથ્યાદૃષ્ટિ પાખંડી નિંદ્ય વેષધારીઓની ભક્તિ કરે છે, તથા નિંદ્ય મિથ્યા ધર્મને સેવે છે, તેમજ મિથ્યા અજ્ઞાનતપ કરે છે, તે દુર્ગતિના ભાજન બને છે; માટે મિથ્યાત્વ કે મિથ્યાત્વીનો સંગ છોડવા અહીં ઉપદેશ છે. ૧૪૦

इय मिच्छत्तावासे कुणयकुसत्थेहिं मोहिओ जीवो ।
भमिओ अणाइकालं संसारे धीर चिंतेहि ॥१४१॥

इति मिथ्यात्वावासे कुनयकुशास्त्रैः मोहितः जीवः ।
भ्रमितः अनादिकालं संसारे धीर ! चिन्तय ॥१४१॥

[illegible] નિન્દિતધર્મ [illegible] ધર્મમાર્ગમાં રાગ, પ્રીતિ [illegible] દુર્બુદ્ધિ અભવ્ય

જે સંપૂર્ણ કળાઓ તથા શીલ સંયમ આદિ ગુણો સહિત છે તે સમ્યગ્દષ્ટિ પુરુષોને અમે મુનિ કહીએ છીએ. પણ જે અનેક દોષોનું ઘર છે, તથા અત્યંત મલિન ચિત્તવાળા છે, તેવા મિથ્યાદષ્ટિ પુરુષ શ્રાવક સમાન પણ નથી. ૧૫૫

ते धीरवीरपुरिसा खमदमखग्गेण विप्फुरंतेण ।
दुज्जयपवलवलुद्धरकसायभड णिज्जिया जेहिं ॥१५६॥

ते धीरवीरपुरिसाः खमदमखड्गेण विस्फुरता ।
दुर्जयप्रबलबलोद्धतकषायभटा निर्जिता यैः ॥१५६॥

સત્પુરુષ તે ધીર વીર જે ક્ષમદમ અસિ ચમકાવતા;
દુર્જય કષાય બલીન યોદ્ધા મત્ત મારી હઠાવતા ૧૫૬

તે પુરુષો ધીર વીર છે કે જેમણે ક્ષમા તથા ઈન્દ્રિય સંયમરૂપ ચળકતી તલવાર વડે અત્યંત દુર્જય, કઠિનતાથી જીતાય તેવા બળવાન અને બળથી ઉન્મત્ત કષાયરૂપી યોદ્ધાઓને જીતી લીધા છે. ૧૫૬

धण्णा ते भयवंता दंसणणाणग्गपवरहत्थेहिं ।
विसयमयरहरपडिया भविया उत्तारिया जेहिं ॥१५७॥

ते धन्याः भगवंतः दर्शनज्ञानाग्रप्रवरहस्तैः ।
विषयमकरधरपतिता भव्या उत्तारिता यैः ॥१५७॥

ધન્ય તે ભગવંત દર્શન જ્ઞાન હસ્ત પ્રસારતા;
એ વિષય જલધિમાં પડેલા, ભવ્યને ઉદ્ધારતા. ૧૫૭

તે ભાગ્યવંત જ્ઞાની ભગવંતો ધન્ય છે કે જે દર્શન અને જ્ઞાનરૂપ પોતાના બે બળવાન હાથથી, વિષયરૂપ મકરાલય એટલે મગરમચ્છથી વ્યાપ્ત એવા મહાસાગરમાં પડેલા ભવ્ય જીવોને બાંહ્ય પકડીને ઉપર ખેંચી લઈ સંસાર સમુદ્રને પાર લઈ જઈ મોક્ષરૂપ અનંત સુખમાં સ્થાપી, નિષ્કારણ કરુણાથી સંપૂર્ણ ઉદ્ધાર કરે છે. ૧૫૭

मायावेल्लि असेसा मोहमहातरुवरम्मि आरूढा ।
विसयविसपुप्फफुल्लिय लुणंति मुणि णाणसत्थेहिं ॥१५८॥

मायावल्लीं अशेषां मोहमहातरुवरे आरूढाम् ।
विषयविषपुष्पपुष्पितां लुनंति मुनयः ज्ञानशस्त्रैः ॥१५८॥

જે મોહ મહા તરુવર ચઢેલી વિષય વિષપુષ્પો યુતા;
સંપૂર્ણ માયા વલ્લી મુનિઓ જ્ઞાનશસ્ત્રે છેદતા. ૧૫૮

સર્વે મુનિઓ મોહરૂપી મહાન વૃક્ષ ઉપર ચઢેલી વિષયરૂપી વિષનાં પુષ્પોથી ફૂલેલ સંપૂર્ણ માયારૂપી વેલને સમ્યગ્જ્ઞાનરૂપી શસ્ત્ર વડે છેદી નાખે છે. ૧૫૮

मोहमयगारवेहिं य मुक्का जे करुणभावसंजुत्ता ।
ते सव्वदुरियखंभं हणंति चारित्तखग्गेण ॥१५९॥

જિન ભાવના ભાવિત જીવો, સિદ્ધિસુખ વર પામિયા;
શિવ અજર અમર સ્વરૂપ અનુપમ, વિમલધામ વિરામિયા. ૧૬૨

જિનેન્દ્રના શુદ્ધ સહજાત્મસ્વરૂપની ભાવના સહિત જીવ ઉત્તમ મોક્ષસુખને પામે છે. એ મોક્ષસુખ કલ્યાણસ્વરૂપ છે, જરા મરણ રહિત છે, અનુપમ છે, સર્વથી ઉત્કૃષ્ટ છે, સર્વ પ્રકારના કર્મમલથી રહિત છે, તથા તુલના રહિત છે. ૧૬૨

ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्चा ।
दिंतु वरभावसुद्धिं दंसणणाणे चरित्ते य ॥१६३॥

ते मे त्रिभुवनमहिताः सिद्धाः शुद्धाः निरंजनाः नित्याः ।
ददतु वरभावशुद्धिं दर्शनज्ञाने चारित्रे च ॥१६३॥

તે સિદ્ધ નિત્ય વિશુદ્ધ ત્રિભુવનપૂજ્ય ઈશ નિરંજના;
દ્યો ભાવશુદ્ધિ જ્ઞાનદર્શનચરણમાં દુઃખભંજના; ૧૬૩

જે ત્રણ લોકમાં પૂજ્ય છે, વિશુદ્ધ છે, કર્મમલરૂપ અંજનથી રહિત નિરંજન છે, નિત્ય શાશ્વત છે એવા સહજાત્મસ્વરૂપી સિદ્ધ ભગવંતો મને જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણોમાં સર્વોત્તમ શુદ્ધિ આપો; અર્થાત્ તેમની કૃપાથી મને રત્નત્રયની શુદ્ધતા પ્રાપ્ત થાઓ! શુદ્ધ ભાવનું ફળ સિદ્ધ અવસ્થા છે. તેથી તે ફળને પામ્યા છે એવા સિદ્ધ ભગવંત પાસે આચાર્યશ્રી સિદ્ધિનું કારણ એવા શુદ્ધ ભાવની પૂર્ણતા અમારામાં પ્રગટો, એમ પ્રાર્થે છે. ૧૬૩

किं जंपिएण बहुणा अत्थो धम्मो य काममोक्खो य ।
अण्णे वि य वावारा भावम्मि परिट्ठिया सव्वे ॥१६४॥

किं जल्पितेन बहुना अर्थः धर्मः च काममोक्षः च ।
अन्ये अपि च व्यापाराः भावे परिस्थिताः सर्वे ॥१६४॥

બહુ કહેવું શું ? જ્યાં અર્થ તેમજ ધર્મ કામ વિમુક્તિ એ;
વળી અન્ય પણ વ્યાપાર સર્વે, ભાવને આધીન છે. ૧૬૪

આચાર્યવર કહે છે કે ઘણું કહેવાથી શું ? જ્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થ તથા બીજાં જે કાંઈ કાર્ય છે તે સર્વ શુદ્ધભાવને આધીન છે.

न देवो विद्यते काष्ठे, न पाषाणे न मृन्मये ।
भावेषु विद्यते देवस्तस्माद् भावो हि कारणम् ॥

દેવ કાષ્ઠની બનાવેલી મૂર્તિમાં નથી. તેમજ આરસ પાષાણ કે માટીની મૂર્તિમાં પણ નથી. દેવ તો ભાવ છે ત્યાં પ્રગટ છે. માટે ભાવજ કારણ છે. 'ભાવે જિનવર પૂજિયે, ભાવે દીજે દાન, ભાવે ભાવના ભાવિયે, ભાવ કેવળજ્ઞાન.

મુનિઓને જે ચાર પ્રયોજન ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તથા તે સિવાય અન્ય પણ [illegible] સર્વ વ્યાપાર છે તે આત્માના શુદ્ધ ચૈતન્ય પરિણામસ્વરૂપ ભાવને આધીન છે. શુદ્ધ ભાવથી જ સર્વ સિદ્ધિ છે એમ સંક્ષેપમાં કહ્યું. બહુ કહેવાથી શું ? ૧૬૪.

૬. મોક્ષ પ્રાભૃત

णाणमयं अप्पाणं उवलद्धं जेण झडियकम्मेण ।
चइऊण य परदव्वं णमो णमो तस्स देवस्स ॥१॥
ज्ञानमय आत्मा उपलब्धः येन क्षरितकर्मणा ।
त्यक्त्वा च परद्रव्यं नमो नमस्तस्मै देवाय ॥१॥

કરી કર્મક્ષય નિજ જ્ઞાનમય સહજાત્મની પ્રાપ્તિ કરી;
પરદ્રવ્યત્યાગી દેવને એ નમો ભાવે ફરી ફરી. ૧

આ મોક્ષ પ્રાભૃતનો પ્રારંભ કરતાં આચાર્યદેવ, ભાવ મોક્ષસ્વરૂપ શુદ્ધ સહજાત્મ-સ્વરૂપી અરિહંત દેવ અને દ્રવ્ય અને ભાવથી મોક્ષસ્વરૂપ એવા શુદ્ધ સહજાત્મસ્વરૂપી સિદ્ધ ભગવંત, એ બન્ને પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. જેમણે સમસ્ત કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનાનંદસ્વરૂપ મોક્ષપદની પ્રાપ્તિ કરી, તે દેવને મંગળના અર્થી આચાર્ય દેવ મંગળાચરણમાં નમસ્કાર કરે છે.

કર્મોનો ક્ષય કરીને જેણે સર્વ પર દ્રવ્યોનો ત્યાગ કરી શુદ્ધ સહજાત્માની પ્રાપ્તિ કરી તે દેવને વારંવાર નમસ્કાર હો.

"સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબદ્ધ થઈ નિજ સ્વરૂપમાં સ્થિત થયા તે પરમપુરુષોને નમસ્કાર"

—શ્રીમદ્ રાજચંદ્ર

णमिऊण य तं देवं अणंतवरणाणदंसणं सुद्धं ।
वोच्छं परमप्पाणं परमपयं परमजोईणं ॥२॥
नत्वा च तं देवं अनंतवरज्ञानदर्शनं शुद्धम् ।
वक्ष्ये परमात्मानं परमपदं परमयोगिनाम् ॥२॥

વર જ્ઞાન દૃષ્ટિ અનંતયુત આ દેવ શુદ્ધ નમી વિભુ;
વર યોગીઓને કહું પરમપદધારી પરમાત્મા પ્રભુ. ૨

આચાર્યશ્રી કહે છે કે અનંત જ્ઞાન અને અનંત દર્શનરૂપ ઉત્કૃષ્ટ જ્ઞાન દર્શનના ધારક સર્વજ્ઞ સર્વદર્શી, શુદ્ધ એટલે અઢાર દોષ રહિત નિર્દોષ, વીતરાગ, સહજાત્મ-સ્વરૂપી દેવને નમસ્કાર કરીને ઉત્કૃષ્ટ ધ્યાન કરનારા પરમ યોગીઓને માટે ઉત્કૃષ્ટ પરમપદ-[illegible] પરમાત્માનું સ્વરૂપ અહીં કહીશ.

આ [illegible], મોક્ષ શું? અને મોક્ષનું કારણ શું? તે એનું વર્ણન કરવાની [illegible] સર્વ કર્મોથી મુક્ત થઈ શુદ્ધ સહજાત્મસ્વરૂપને પામેલ. [illegible] સિદ્ધ ભગવંતો, [illegible] પરમાનંદ પામેલા છે. તે મોક્ષપદ પામ[illegible]

अक्खाणि बहिरप्पा अंतरअप्पा हु अप्पसंकप्पो ।
कम्मकलंकविमुक्को परमप्पा भण्णए देवो ॥५॥

अक्षाणि बहिरात्मा अन्तरात्मा स्फुटं आत्मसंकल्पः ।
कर्मकलंकविमुक्तः परमात्मा भण्यते देवः ॥५॥

છે ઇન્દ્રિયો બહિરાત્મ, અંતરઆત્મ અનુભવ પ્રગટ જે;
જે કર્મ દોષ વિમુક્ત તે, પરમાતમા સત્ દેવ એ. ૫

સ્પર્શન આદિ ઇન્દ્રિયો તે બાહ્યાત્મા છે. ઇન્દ્રિય, શરીરાદિ બાહ્ય, પોતાના સ્વરૂપથી ભિન્ન પદાર્થોમાં આત્માપણાની બુદ્ધિ તે બહિરાત્મપણું છે.

આત્મસંકલ્પ તે અંતરાત્મા છે. શરીર, કર્મ, રાગદ્વેષ મોહાદિ દુઃખપરિણામથી રહિત મારો આત્મા છે, શરીરમાં રહેવા છતાં શરીરને સ્પર્શતો નથી, કર્મબંધનથી બંધાયેલો છતાં તે અબદ્ધ છે, બંધાયેલો નથી, જળમાં કમલ અલિપ્ત છે, તેમ મારો આત્મા કર્મોથી અલિપ્ત છે, એવા ભેદજ્ઞાન સહિત અંતરંગમાં આત્માના પ્રગટ અનુભવ યુક્ત સંકલ્પ તે આત્મસંકલ્પ છે, તે અંતરાત્મા છે.

જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગદ્વેષાદિ ભાવકર્મ, શરીરાદિનોકર્મ, એ કલંકમલથી રહિત છે તે પરમાત્મા છે, તે જ દેવ છે.

શ્રી આનંદઘનજી કહે છે કેઃ—

ત્રિવિધ સકલ તનુધરગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ, તીસરો
પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુમતિ૦

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુમતિ૦

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની,
અતીંદ્રિય ગુણગણમણિ આગરુ
એમ પરમાતમ સાધ; સુજ્ઞાની. સુમતિ૦

બહિરાતમ તજી અંતર આતમા—
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અર્પણ દાવ, સુજ્ઞાની. સુમતિ૦

અર્થ: દેહધારીઓમાં રહેલો આત્મા ત્રણ પ્રકારે છે. પહેલો પ્રકાર બહિરાત્મા, બીજો અંતરાત્મા અને ત્રીજો પરમાત્મા છે.

वहिरर्थे स्फुरितमनाः इन्द्रियद्वारेण निजस्वरूपच्युतः ।
निजदेहं आत्मानं अध्यवस्यति मूढदृष्टिस्तु ॥८॥

મન બાહ્ય અર્થે સ્ફુરિત નિજપદ ચ્યુત ઈન્દ્રિયદ્વારથી;
નિજ દેહને આત્મા ગણી અભ્યાસતા એ મૂઢધી. ૮

મૂઢધી એટલે મિથ્યાદષ્ટિ બહિરાત્મા સ્ત્રી, પુત્ર, શરીરાદિ બાહ્ય પદાર્થોમાં મનને જોડીને, તલ્લીન કરીને, તથા ઇન્દ્રિયદ્વારા નિજસ્વરૂપને ભૂલીને, ઇન્દ્રિયોને જ આત્મા સમજી, પોતાના શરીરને જ આત્મા માને છે, જાણે છે, તેવો જ અભ્યાસ કર્યા કરે છે. ૮

णियदेहसरिस्सं पिच्छिऊण परविग्गहं पयत्तेण ।
अच्चेयणं पि गहियं झाइज्जइ परमभाएण ॥९॥

निजदेहसदृशं दृष्ट्वा परविग्रहं प्रयत्नेन ।
अचेतनं अपि गृहीतं ध्यायते परमभावेन ॥९॥

નિજ દેહ સદૃશ દેખીને જે અન્યના જડ દેહને;
જડરૂપ જાણે તોય ગણતા અન્યના આત્માપણે. ૯

મિથ્યાદષ્ટિ જીવ પોતાના શરીર જેવું જ બીજાનું શરીર જોઈને, આ દેહ અચેતન છે એમ જાણતા છતાં મિથ્યા ભાવે કરીને, પ્રયત્ને કરીને પણ બીજાના દેહને બીજાના આત્મા તરીકે ગણે છે, માને છે, ચિંતવે છે. ૯

सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं ।
सुयदाराईविसए मणुयाणं वड्ढए मोहो ॥१०॥

स्वपराध्यवसायेन देहेषु च अविदितार्थमात्मानम् ।
सुतदारादिविषये मनुजानां वर्द्धते मोहः ॥१०॥

નિજપર શરીરે આત્મનિશ્ચય, આત્મજ્ઞાન વિમુખ ત્યાં;
સુતસ્ત્રી વગેરે વિષયમાં વધતો મનુજનો મોહ ત્યાં. ૧૦

મોહી જીવ પોતાના કે પરના દેહમાં પોતાના કે પરના આત્માપણું માને છે, અધ્યવસે છે, નિશ્ચય કરે છે, તેથી આત્માનું અસલ મૂળ સહજ સ્વરૂપ તેને જાણતા નથી. ને તેથી સ્ત્રી પુત્રાદિમાં મનુષ્યોનો મોહ વધતો જાય છે. ૧૦

मिच्छाणाणेसु रओ मिच्छाभावेण भाविओ संतो ।
मोहोदएण पुणरवि अंगं [1]सम्मण्णए मणुओ ॥११॥

मिथ्याज्ञानेषु रतः मिथ्याभावेन भावितः सन् ।
मोहोदयेन पुनरपि अंगं मन्यते मनुजः ॥११॥

રત જ્ઞાન મિથ્યામાંહિ મિથ્યા ભાવ ભાવિત એ છતો;
મો મોહઉદયે ફરી ફરી તનને જ આત્મા માનતો. ૧૧

૧ 'સં મણ્ણએ' એમ પાઠ હોય તો 'સ્વં અંગં મન્યતે', પોતાને માને છે એમ અર્થ થાય છે.

स्वद्रव्यरतः श्रमणः सम्यग्दृष्टिः भवति सः साधुः ।
सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि ॥१४॥
નિશ્ચયે સમ્યગ્દૃષ્ટિ મુનિ તે સ્વરૂપે રતિ જે ધરે;
સમ્યકત્વ પરિણત, દુષ્ટ આઠે કર્મનો ઝટ ક્ષય કરે. ૧૪

જે મુનિ સ્વદ્રવ્ય, નિજ શુદ્ધ સહજાત્મસ્વરૂપ, તેને વિષે રત છે, રુચિ સહિત છે, તે નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. એવા સમ્યગ્દૃષ્ટિ સમ્યકત્વભાવે પરિણમતા હોવાથી દુષ્ટ એવાં આઠેય કર્મોનો ક્ષય કરે છે.

કર્મ નાશ કરવાનું અને મુક્તિ પ્રાપ્ત કરવાનું કારણ સંક્ષેપમાં અહીં કહ્યું છે.

જે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ, અનુભવ, તલ્લીનતા યુક્ત છે તે નિયમથી સમ્યગ્દૃષ્ટિ છે. આ સમ્યકત્વભાવે પરિણમતા જ્ઞાની આત્માને દોષિત કરનાર, મલિન કરનાર, કલંકરૂપ આઠ કર્મોનો નાશ કરી નિર્વાણને પામે છે.

આત્મસ્વરૂપના અનુભવરૂપ અમૃત રસના આસ્વાદમાં નિરંતર નિમગ્ન રહેનાર કર્મોનો નાશ કરી મોક્ષ પ્રત્યે શીઘ્રગતિથી ગમન કરી રહેલા સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓની અદ્ભુત દશા, અતીંદ્રિય જ્ઞાનનો વિષય હોવાથી, સામાન્ય જીવોને લક્ષગત થવી સુગમ નથી. આવી દશામાં ઝીલતા મહાત્મા શ્રીમદ્ રાજચન્દ્રનાં નીચેનાં વચનોથી એવી દશાનો કાંઈક અલ્પ ખ્યાલ આવી શકવા યોગ્ય છે.

"અમે પરમ પ્રસન્નપદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઇચ્છીએ છીએ.

અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઇચ્છા રહે છે; પણ જેવી વિગતથી જોઈએ, તેવી વિગતથી લખી શકાય નહીં એટલે વારંવાર લખી નથી. અત્રે ટૂંકામાં લખીએ છીએ.

એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિમાત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થોથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી; જાત ભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતા એવો ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિ વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરાય છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે, પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે; નય પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી; કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની, અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે;

સંગ્રામમાં જીતાય નહિ જે કોટિ સુભટોથી યદિ;
જીતાય શું તે એક નરથી વીર ભટ એવો કદી? ૨૨

જે કોઈ સુભટ, વીર યોદ્ધો, સંગ્રામમાં સર્વ યોદ્ધાઓ સહિત કરોડ યોદ્ધાને જીતી શકે, તે શું કદી એક યોદ્ધાને નહિ જીતે? અર્થાત્ એક યોદ્ધાથી કદી પરાજિત થશે? નહિ જ.

તેવી રીતે જે મહાત્મા ધ્યાનબળે નિર્વાણ પ્રાપ્ત કરી શકે તેવી શક્તિ ધરાવે છે, તે સર્વ કર્મરૂપ યોદ્ધાઓને હણવા સમર્થ છે. તો પછી સ્વર્ગને રોકનાર એકલાં પાપ કર્મ તેનો ક્ષય કરવા શું તે સમર્થ ન થાય? અર્થાત પાપોનો ક્ષય કરવો તો તેમને અત્યંત સુગમ હોવાથી દેવલોકની પ્રાપ્તિ તો અત્યંત સુગમ છે જ. ૨૨

सग्गं तवेण सव्वो वि पावए किंतु झाणजोएण ।
जो पावइ सो पावइ परलोये सासयं सोक्खं ॥२३॥

स्वर्गं तपसा सर्वः अपि प्राप्नोति किन्तु ध्यानयोगेन ।
यः प्राप्नोति सः प्राप्नोति परलोके शाश्वतं सौख्यं ॥२३॥

તપથી લહે સૌ સ્વર્ગ, કિન્તુ ધ્યાનયોગે જે લહે;
તે તો ખરે પરલોકમાં સુખ સંપદા શાશ્વત લહે. ૨૩

તપ વડે સૌ કોઈ સ્વર્ગ પામે છે, પરંતુ જે ધ્યાન વડે સ્વર્ગ પામે છે તે પરલોકમાં સ્વર્ગથી ચ્યવી, અવિનાશી સુખસ્વરૂપ મોક્ષપદને પામે છે. ૨૩

अइसोहणजोएणं सुद्धं हेमं हवइ जह तह य ।
कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि ॥२४॥

अतिशोभनयोगेन शुद्धं हेम भवति यथा तथा च ।
कालादिलब्ध्या आत्मा परमात्मा भवति ॥२४॥

જિમ શુદ્ધ થાય સુવર્ણ, શુદ્ધિ હેતુ પામી પ્રયોગથી;
ત્યમ શુદ્ધ પરમાત્મા બને, કાળાદિ લબ્ધિ યોગથી. ૨૪

જેમ સુવર્ણ શુદ્ધિ કરનારી સર્વ સામગ્રીના યોગે સુવર્ણપાષાણમાંથી શુદ્ધ સોનું બને છે, તેમ કાળ આદિ લબ્ધિ, જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સામગ્રી, તે પામીને, અનાદિથી કર્મના સંયોગે અશુદ્ધ એવો આ આત્મા તે સંપૂર્ણ શુદ્ધ થઈ પરમાત્મા બને છે. ૨૪

वर वयतवेहि सग्गो मा दुक्खं होउ णिरइ इयरेहिं ।
छायातवट्ठियाणं पडिवालंताण गुरुभेयं ॥२५॥

वरं व्रततपोभिः स्वर्गः मा दुःखं भवतु नरके इतरैः ।
छायातपस्थितानां प्रतिपालयतां गुरुभेदः ॥२५॥

વર સ્વર્ગ વ્રત તપથી, નરક દુઃખ અવ્રતે ન ભલો કદા;
[illegible] ભેદ મોટો છે યથા. ૨૫

[illegible] સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તે ઉત્તમ છે, પણ અવ્રત અને અતપથી [illegible] દુઃખની પ્રાપ્તિ [illegible] નથી. જેમ છાયામાં અને તાપમાં બેસનારને

પ્રીતિ અપ્રીતિ તે રાગદ્વેષ છે. પરમાં મમત્વ તે મોહ છે. સંસારનું મમત્વ તો ત્યાગીઓને નથી, પરંતુ ધર્માનુરાગથી શિષ્યાદિમાં મમત્વ છે તે પણ તજવા યોગ્ય છે.

આ પ્રમાણે ઉપરોક્ત સર્વ દોષો ધ્યાનમાં વિઘ્ન કર્તા જાણી, તેને તજીને, જ્ઞાની પુરુષો શુદ્ધ આત્મધ્યાનમાં મગ્ન થાય છે. ૨૭

मिच्छत्तं अण्णाणं पावं पुण्णं चएवि तिविहेण ।
मोणव्वएण जोई जोयत्थो जोयए अप्पा ॥२८॥

मिथ्यात्वं अज्ञानं पापं पुण्यं त्यक्त्वा त्रिविधेन ।
मौनव्रतेन योगी योगस्थः द्योतयति आत्मानम् ॥२८॥

મિથ્યાત્વ ને અજ્ઞાન સહ જે પુણ્ય પાપ ત્રિવિધ તજે;
યોગસ્થ યોગી મૌનવ્રત સહ પ્રગટ ધ્યાવે આત્મને. ૨૮

ધ્યાનમાં સ્થિત જ્ઞાની પુરુષ મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ પુણ્ય આદિ મન વચન કાયાથી તજી દઈને, મૌનવ્રત સહિત ધ્યાનમાં સ્થિર થઇને પ્રગટ આત્માનું ધ્યાન કરે છે. ૨૮

जं मया दिस्सदे रूवं तण्ण जाणादि सव्वहा ।
जाणगं दिस्सदे णंतं तम्हा जंपेमि केण हं ॥२९॥

यत् मया दृश्यते रूपं तत् न जानाति सर्वथा ।
ज्ञायकं दृश्यते न तत् तस्मात् जल्पामि केन अहं ॥२९॥

જે રૂપ દેખાયે મને, જાણે ન તે તો કંઈ ખરે;
દેખાય જ્ઞાયક તો નહીં, પછી બોલું કોની સાથ રે! ૨૯

કેવા વિચારે મૌન ગ્રહણ કરે છે તે જણાવે છે. જે શરીરાદિ જડ રૂપો પદાર્થોને હું દેખું છું તે અચેતન હોવાથી કોઇ પણ જાણતા તો છે નહિ. તથા હું જાણનારો અરૂપી છું તે દેખાતો નથી. તેથી હું કોની સાથે બોલું?

બીજો પરસ્પર વાત કરનાર હોય તો તેની સાથે બોલાય. આત્મા તો અમૂર્તિક અરૂપી છે તે દેખાતો નથી. જે રૂપી પુદ્ગલ છે તેનો જાણવાનો સ્વભાવ નથી, તેમ દેખવાનો સ્વભાવ નથી. તેથી મારે કોની સાથે બોલવું? વચન વ્યવહાર તો જે જાણે કે દેખે તેની સાથે થાય, એવા વિચારે જ્ઞાની મૌન ગ્રહણ કરે છે. ૨૯

सव्वासवणिरोहेण कम्मं खवइ संचियं ।
जोयत्थो जाणए जोई जिणदेवेण भासियं ॥३०॥

सर्वास्रवनिरोधेन कर्म क्षपयति संचितम् ।
योगस्थः जानाति योगी जिनदेवेन भाषितम् ॥३०॥

આસ્રવ સમસ્ત નિરોધીને સંચિત કર્મ ખપાવતા;
યોગસ્થ યોગી મહા જ્ઞાતા એમ જિનવર ભાખતા. ૩૦

યોગસ્થ યોગી ધ્યાનમાં સ્થિત યોગી કર્મોને આવવાનાં દ્વાર તે આસ્રવ, મિથ્યાત્વ, અજ્ઞાન, [illegible] અને યોગ એ પાંચેયને રોકીને, પૂર્વે બાંધેલાં કર્મોનો ક્ષય કરી.

विषयकषायैः युक्तः रुद्रः परमात्मभावरहितमनाः ।
सः न लभते सिद्धिसुखं जिनमुद्रापराङ्मुखः जीवः ॥४६॥

જીવ યુક્ત વિષય કષાય મન પરમાત્મ ભાવનહીન જે;
જો રુદ્ર જિનમુદ્રા વિમુખ કદી સિદ્ધિ સુખ પામે ન એ ૪૬

જે જીવ વિષય કષાયમાં આસક્ત છે, રુદ્ર પરિણામી છે, અર્થાત્ હિંસાદિ પાપોમાં હર્ષ માને છે અને પરમાત્માની ભાવનાથી રહિત છે, તે જિનમુદ્રાથી ભ્રષ્ટ થાય છે; તેથી મોક્ષ સુખને પામતા નથી, અહીં રુદ્ર વિશેષણથી એવો પણ આશય છે કે રુદ્ર અગિયાર થાય છે. તે વિષયકષાયથી આસક્ત થઈ જિનમુદ્રાથી ભ્રષ્ટ થાય છે. તેમનો મોક્ષ થતો નથી. એ કથા પુરાણમાં પ્રસિદ્ધ છે. ૪૬

जिणमुद्दं सिद्धिसुहं हवेइ णियमेण जिणवरुद्दिट्ठा ।
सिविणे वि ण रुचइ पुण जीवा अच्छंति भवगहणे ॥४७॥

जिनमुद्रा सिद्धिसुखं भवति नियमेन जिनवरोद्दिष्टा ।
स्वप्नेऽपि न रोचते पुनः जीवाः तिष्ठंति भवगहने ॥४७॥

નિશ્ચયે જિનવરકથિત જિનમુદ્રાજ સિદ્ધિ સૌખ્ય છે;
સ્વપ્નેય જેને ના રુચે, રહે ભવવને જ સદાય તે. ૪૭

જિનદેવે કહેલી જિનમુદ્રા નિશ્ચયથી મોક્ષસુખ છે, અર્થાત્ તે મુદ્રાના ધરનાર જ્ઞાની વર્તમાનમાં સ્વાધીન સુખને અનુભવે છે અને તે પરંપરાથી મોક્ષસુખનું કારણ થાય છે. જે જીવોને એ જિનમુદ્રા સ્વપ્નમાં પણ રુચિકર થતી નથી તે જીવો ભવરૂપી ભયંકર વનમાં સદાય ભમતા જ રહે છે; અર્થાત્ સંસારથી મુક્ત થઈ મોક્ષસુખને પામવા ભાગ્યશાળી થતા નથી. ૪૭

परमप्पय झायंतो जोई मुच्चेइ मलदलोहेण ।
णादियदि णवं कम्मं णिद्दिट्ठं जिणवरिंदेहिं ॥४८॥

परमात्मानं ध्यायन् योगी मुच्यते मलदलोभेन ।
नाद्रियते नवं कर्म निर्दिष्टं जिनवरेन्द्रैः ॥४८॥

પરમાત્મ ધ્યાવે યોગી છૂટે લોભ મલપ્રદ ભાવ જે;
[illegible] ના વળી નવીન કર્મ, કહે જિનવર દેવ એ. ૪૮

પરમાત્માનું ધ્યાન કરનાર યોગી પાપ ઉત્પન્ન કરનાર લોભથી છૂટે છે. આ લોક પરલોકનાં સુખાદિ [illegible] લોભ હોય ત્યાં સુધી પરમાત્માનું યથાર્થ ધ્યાન થતું નથી. [illegible] ત્યારે પરમાત્માનું ધ્યાન યથાર્થરૂપે થાય છે. [illegible] આત્માના ભાવોને મલિન કરે છે. તેથી [illegible]

[illegible] નવીન કર્મોને બાંધતા નથી. એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. ૪૮

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

जह फलिहमणि विसुद्धो परदव्वजुदो हवेइ अण्णं सो ।
तह रागादिविजुत्तो जीवो हवदि हु अणण्णविहो ॥५१॥

यथा स्फटिकमणिः विशुद्धः परद्रव्ययुतः भवत्यन्यः सः ।
तथा रागादिवियुक्तः जीवः भवति स्फुटमन्योन्यविधः ॥५१॥

જિમ સ્ફટિક મણિ નિર્મળ છતાં, પરદ્રવ્ય સંગે પર દીસે;
રાગાદિયુત તિમ જીવ પણ સ્ફુટ અન્ય અન્ય વિધિ દીસે. ૫૧

જેમ સ્ફટિકમણિ સ્વભાવથી નિર્મળ હોય છે પરંતુ, રંગબેરંગી અન્ય વસ્તુઓના સંબંધે જુદાજ રંગનો દેખાય છે. તેવી જ રીતે સ્વભાવથી જ શુદ્ધ જીવ સ્ત્રી આદિના સંગે રાગી, શત્રુના સંગે દ્વેષી, પુત્રાદિના યોગમાં મોહી, એમ રાગદ્વેષાદિ ભાવોના સંબંધે જુદા જુદા પ્રકારનો દેખાય છે.

"જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ,
તે જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ–"
—શ્રીમદ્ યશોવિજયજી મહોપાધ્યાય

देव गुरुम्मिय भत्तो साहम्मिय संजदेसु अणुरत्तो ।
सम्मत्तमुव्वहंतो झाणरओ होइ जोई सो ॥५२॥

देवे गुरौ च भक्तः साधर्मिके च संयतेषु अनुरक्तः ।
सम्यक्त्वमुद्वहन् ध्यानरतः भवति योगी सः ॥५२॥

દેવ ગુરુમાં ભક્ત સાધર્મી યતિ અનુરક્ત જે;
સમ્યક્ત્વધારી યોગી નિત્યે, ધ્યાનમાં અતિરક્ત એ. ૫૨

દેવ અને ગુરુની ભક્તિ કરનાર સમાન ધર્મવાળા સાધર્મીઓ પ્રત્યે તથા સંયમી જ્ઞાની પ્રત્યે સાચો પ્રેમ ભાવ રાખનારા તથા સમ્યક્ત્વને ધારણ કરનારા યોગી ધ્યાનમાં લીન થાય છે.

ધ્યાનમાં લીન થવાની યોગ્યતા આવવા માટે જીવે પાપ આસ્રવને રોકી શુભ-ભાવમાં મનને જોડવાનો અભ્યાસ વધારવા યોગ્ય છે.

કહ્યું છે કે

सर्वपापास्रवे क्षीणे ध्याने भवति भावना ।
पापोपहतबुद्धीनां ध्यानवार्तापि दुर्लभा ॥

સર્વ પાપ આસ્રવ ક્ષીણ થાય ત્યારે ધ્યાનમાં ભાવના, ચિંતવના, એકાગ્રતા થઈ શકે છે; જ્યાં સુધી બુદ્ધિ પાપ ક્રિયાઓથી હણાયેલી છે ત્યાં સુધી ધ્યાનની વાત પણ દુર્લભ છે. ૫૨

उग्गतवेणण्णाणी जं कम्मं खवदि भवहि बहुएहिं ।
तं णाणी तिहि गुत्तो खवेइ अंतोमुहुत्तेण ॥५३॥

ઇન્દ્રિય જ્ઞાન જ માનતા, સર્વજ્ઞતા દૂષિત કરે;
અજ્ઞાની તેથી તે કહ્યા, જિન માર્ગ દૂષક તે ખરે. ૫૬

કર્મથી ઉત્પન્ન ઇન્દ્રિય જ્ઞાન છે. માત્ર તેટલું જ જ્ઞાન છે એવી માન્યતાવાળી જેની બુદ્ધિ છે, અને અતીંદ્રિય જ્ઞાન છે જ નહિ એમ જે માને છે, તે સ્વભાવજ્ઞાન જે કેવળજ્ઞાન તેને ખંડરૂપ દૂષણ દેવાવાળા છે. ઇન્દ્રિયજ્ઞાન ખંડ ખંડરૂપ છે, પોતપોતાના વિષયને જાણે છે, તેટલા જ જ્ઞાનને જે માને છે તેથી એવી માન્યતાવાળા અજ્ઞાની સર્વજ્ઞભાષિત જિનમતને દૂષણ આપનારા થાય છે.

મીમાંસક મતવાળા કર્મવાદી છે તે સર્વજ્ઞને માનતા નથી, ઇન્દ્રિયજ્ઞાન માત્રને જ માને છે, એટલે કેવળજ્ઞાનને માનતા નથી. તેમનો અત્રે નિષેધ કર્યો છે. ૫૬

णाणं चरित्तहीणं दंसणहीणं तवेहिं संजुत्तं ।
अण्णेसु भावरहियं लिंगग्गहणेण किं सोक्खं ॥५७॥

ज्ञानं चारित्रहीनं दर्शनहीनं तपोभिः संयुक्तम् ।
अन्येषु भावरहितं लिंगग्रहणेन किं सौख्यम् ॥५७॥

સમકિત વિણ, ચારિત્ર વિણ, જો જ્ઞાનસહ તપ તો ઘણાં;
વળી ક્રિયા ભાવરહિત, દે શું સૌખ્ય લિંગ મુનિતણાં? ૫૭

જ્યાં જ્ઞાન ચારિત્ર રહિત તથા દર્શન રહિત છે, પણ ઘણાં ઘણાં તપ સહિત છે તથા બીજી આવશ્યકાદિ ક્રિયા પણ શુદ્ધ ભાવ રહિત છે, તેવા મુનિવેષના ધારણ કરનાર મુનિને, શું કદી મોક્ષસુખની પ્રાપ્તિ થઈ શકે તેમ છે? કદી નહિ, મોક્ષાર્થે તે કંઈ સફળ નથી. ૫૭

अचेयणं पि चेदा जो मण्णइ सो हवइ अण्णाणी ।
सो पुण णाणी भणिओ जो मण्णइ चेयणे चेदा ॥५८॥

अचेतनेऽपि चेतनं यः मन्यते सः भवति अज्ञानी ।
सः पुनः ज्ञानी भणितः यः मन्यते चेतने चेतनम् ॥५८॥

જે જડ અચેતન તેહ ચેતન માનતા, અજ્ઞાની તે;
જે ચેતને ચેતન ગણે, શ્રદ્ધે, કહ્યા તો જ્ઞાની તે. ૫૮

જે અચેતન જડને ચેતન માને તે અજ્ઞાની છે. જે ચેતનને ચેતન માને તેને જ્ઞાની કહ્યા છે. ૫૮

तवरहियं जं णाणं णाणविजुत्तो तवो वि अकयत्थो ।
तम्हा णाणतवेण संजुत्तो लहइ णिव्वाणं ॥५९॥

तपोरहितं यत् ज्ञानं ज्ञानवियुक्तं तपः अपि अकृतार्थं ।
तस्मात् ज्ञानतपसा संयुक्तः लभते निर्वाणम् ॥५९॥

જે જ્ઞાન તપ રહિત છે, તપ જ્ઞાન વિણ, કહ્યાં વ્યર્થ;
તેથી જ્ઞાન સહ તપયુક્ત જે તે મુક્તિ પામે સર્વથા. ૫૯

[illegible]
[illegible]

> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]

[illegible]
[illegible]
[illegible]

> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]
> [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

> [illegible]
> [illegible]

દુઃખ સહવાના અભ્યાસ વગર સુખે સુખે ભાવેલું જ્ઞાન, ભાવેલી આત્મભાવના, દુઃખ આવી પડતાં પલાયન કરી જાય છે, માટે શક્તિ પ્રમાણે દુઃખ, તપશ્ચરણાદિ કષ્ટ વેઠીને આત્માની ભાવના આત્માર્થીઓએ ભાવવા યોગ્ય છે. ૬૨

आहारासणणिद्दाजयं च काऊण जिणवरमएण ।
झायव्वो णियअप्पा णाऊणं गुरुपसाएण ॥६३॥

आहारासननिद्राजयं च कृत्वा जिनवरमतेन ।
ध्यातव्यः निजात्मा ज्ञात्वा गुरुप्रसादेन ॥६३॥

આહાર આસન નિંદનો કરી જય યથા જિનવરમતે;
રે ! ગુરુકૃપાએ જાણી આત્મા ધ્યાવવો નિજઆત્મને. ૬૩

સર્વજ્ઞના માર્ગને અનુસરીને આહાર, આસન, અને નિદ્રાનો જય કરી, સદ્‌ગુરુની કૃપાથી આત્માને જાણીને તેનું ધ્યાન કરવું જોઈએ.

અનાદિ કાળથી આત્મા જાણ્યો નથી. તે સદ્‌ગુરુની કૃપાથી જ જણાય છે. માટે કહ્યું છે કે :—

"બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરણ, સો પાવે સાક્ષાત્. ૧
જપ તપ ઔર વ્રતાદિ સબ તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી પાઈ કૃપા અનૂપ. ૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ." ૬

—શ્રીમદ્ રાજચંદ્ર

આત્મજ્ઞાની સદ્‌ગુરુ આત્મમગ્નતામાં નિરંતર નિમગ્ન રહી અતીન્દ્રિય આત્માનંદમાં વિલાસ કરી રહ્યા છે. તેથી તેમની પાસેથી આત્મા જોવાની દિવ્યદૃષ્ટિ મળે, અનાદિનું અજ્ઞાન ટાળનાર [illegible] અંજનથી દૃષ્ટિને અંજિત કરાય, તો અપૂર્વ આત્મદૃષ્ટિ ખૂલે અને આત્મદર્શન પામી જીવ કૃતાર્થ થાય એ માટે આત્માર્થી, આત્મજ્ઞ જ્ઞાની ગુરુ [illegible] આત્મદર્શી તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થાય તેનું અંજન આંજી દેવાની વિજ્ઞપ્તિરૂપ તીવ્ર [illegible] ભાવના કરે છે કે :—

આત્મમગનતા આણીને રે વ્હાલા, આત્મમગન ભગવાન રે;
અંજન આંજી દેજો;
રાજચંદ્ર [illegible] રે વ્હાલા, [illegible] ઉર ધ્યાન રે;
અંજન આંજી દેજો. ૧
[illegible] રે વ્હાલા, [illegible] નિજધામ રે; અંજન૦
[illegible] રે વ્હાલા [illegible] ચિરકાળ રે. અંજન૦ ૨

યમ નિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩
અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગળ હૈ કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્ગુરુ ચર્ન સુપ્રેમ બસે. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં;
ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.
સદ્ગુરુના ઉપદેશથી આવ્યું અપૂર્વ ભાન;
નિજ પદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન.
ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશીને દેહાતીત સ્વરૂપ.
પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ”

—શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

જેણે આત્મા જાણ્યો, જોયો, અનુભવ્યો એવા જ્ઞાની પુરુષ મૂર્તિમાન મોક્ષ છે; [illegible] મોક્ષમૂર્તિ [illegible] સમાન હોવાથી આત્માર્થીઓને વાંછિત સિદ્ધિ [illegible] છે જેણે આત્મજ્ઞાન [illegible] નથી એવા સંસારી જીવો [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible] [illegible]
[illegible]
[illegible] [illegible]
[illegible]
[illegible] [illegible]
[illegible]
[illegible] [illegible]

મોહ જીત્યો તમે, ભાવ મરણો ટળ્યાં,
અમર જીવન લહ્યું આત્મજ્ઞાને,
મૂર્તિ સજીવન! સજીવન કરો રંકને;
ટાળી પરભાવ બોધિ પ્રદાને. ધન્ય૦ ૫

અમરવરમય સદા દૃષ્ટિ મુજ ઉલ્લસો,
રોમ રોમે ખુમારી જ એ હો!
'તુંહિ તુંહિ' રટણ હો, લગની એની રહો,
એ જ ચિંતન સ્મરણ ભાવના હો. ધન્ય૦ ૬

મૂર્તિ સજીવન! ગુરુરાજ મુજ ઉર વસો,
ચરણમાં ચિત્ત તલ્લીન રાખું;
શરણ તું, ત્રાણ તું. પરમ આધાર તું,
તુજ બળે ભ્રમણ ભય દૂર નાખું. ધન્ય૦ ૭

પ્રીતિ મુજ રાજમાં, પ્રતીતિ મુજ રાજમાં,
'પિયુ પિયુ' પ્રેમ પોકાર જાગે;
રાજમાં લીનતા, અલખમાં મગનતા,
અલખ લય એજ દૃઢ રંગ લાગે. ધન્ય૦ ૮

રાજ રાજેશ્વરા! આત્મ સામ્રાજ્ય ઘો,
કર્મકારાગૃહે દુઃખ ઝાઝું;
ચક્ર આપો સુદર્શન અરિ છેદવા,
મુક્તિ મંદિરમાં જઈ વિરાજું. ધન્ય૦ ૯

રાજ આજ્ઞા વિષે એક નિષ્ઠા ધરી,
સાધુ ઉપયોગની સ્થિરતા જો,
તો સમાધિ અને બોધિ પ્રગટાવું હું,
આપને તે મને પ્રાપ્ત થાજો. ધન્ય૦ ૧૦

અહીં આત્મરક્ષા માટે પ્રેરનાર સાધકજનો નિઃસ્પૃહ જ્ઞાની ગુરુ કે જે પોતે તર્યા છે અને બીજાને તારવા સમર્થ છે તેવાના આશ્રયે શીઘ્ર સંસારસમુદ્ર તરી જાય છે.

ગુરુ કેવા હોવા જોઈએ? તે માટે કહ્યું છે કે :—

अनवद्यमुक्तेः पथि यः प्रवर्तते,
प्रवर्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥

અનવદ્યમુક્તિ [illegible] મોક્ષના નિર્દોષ માર્ગમાં જે પ્રવર્તે છે, અર્થાત્ [illegible] માર્ગમાં પ્રવર્તી રહ્યા છે, અને બીજાઓને પણ પ્રવર્તાવે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આત્માને જાણતો નથી. માટે વિષયોથી વિરક્ત યોગી જ આત્માને જાણે છે.

ઇષ્ટોપદેશમાં શ્રી પૂજ્યપાદ સ્વામી કહે છે કે—

यथा यथा न रोचन्ते विषया सुलभा अपि ।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ॥

જેમ જેમ પ્રાપ્ત વિષયો પ્રત્યે પણ રુચિ થતી નથી, ઉદાસીનતા, વૈરાગ્ય પ્રગટે છે, તેમ તેમ ઉત્તમ એવું શુદ્ધ સહજાત્મસ્વરૂપરૂપ નિજ ચૈતન્યતત્ત્વ અનુભવમાં ઝળકી ઊઠે છે.

ફરી કહે છે કે—

यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमं ।
तथा तथा न रोचन्ते विषया सुलभा अपि ॥

જેમ જેમ ઉત્તમ આત્મતત્ત્વનો અનુભવ જળહળે છે, તેમ તેમ સુલભ એવા વિષયો પણ ગમતા નથી, રુચિકર થતા નથી, તે પ્રત્યે વૈરાગ્ય, અનાસક્તિ, ઉદાસીનતા વધતી જાય છે. ૬૬

अप्पा णाऊण णरा केई सब्भावभावपब्भट्ठा ।
हिंडंति चाउरंगं विसयेसु विमोहिया मूढा ॥६७॥

आत्मानं ज्ञात्वा नराः केचित् सद्भावभावप्रभ्रष्टाः ।
हिण्डन्ते चातुरंगं विषयेषु विमोहिताः मूढाः ॥६७॥

લહી આત્મજ્ઞાન પછીય કોઈ આત્મભાવ તજી ફરી;
વિષયે વિમોહિત મૂઢ ભમતા ચાર ગતિ દુઃખથી ભરી. ૬૭

અનાદિથી અભ્યસ્ત વિષયો એવા બળવાન છે કે તેનાથી મોહિત કોઈ મૂઢ જીવો આત્મજ્ઞાન પામ્યા પછી પણ પોતાના શુદ્ધ આત્મભાવોથી ભ્રષ્ટ થઈને ચાર ગતિરૂપ સંસારમાં ભમ્યા કરે છે. ૬૭

जे पुण विसयविरत्ता अप्पा णाऊण भावणासहिया ।
छंडंति चाउरंगं तवगुणजुत्ता ण संदेहो ॥६८॥

ये पुनः विषयविरक्ताः आत्मानं ज्ञात्वा भावनासहिताः ।
त्यजन्ति चातुरंगं तपोगुणयुक्ताः न सन्देहः ॥६८॥

પણ જે વિષય વિરક્ત આત્મા જાણી ભાવે ભાવના;
તે તપગુણયુત ચાર ગતિ નિઃશંક તજી મુક્તિ જતા. ૬૮

પરંતુ જે વિષયથી વિરક્ત થઈને આત્માને જાણીને વારંવાર તેનું ચિંતવન, ભાવના, ધ્યાન કરે છે તે બાર પ્રકારનાં તપ તથા મૂળગુણ અને ઉત્તરગુણ સહિત થઈને ચાર ગતિરૂપ સંસારને તજી દે છે; એમાં કંઈ સંદેહ નથી. ૬૮

परमाणुपमाणं वा परदव्वे रदि हवेदि मोहादो ।
सो मूढो अण्णाणी आदसहावस्स विवरीओ ॥६९॥

છે. તે ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિનો અભાવ થતાં, જ્ઞાનમાં જ, સ્વભાવમાં જ, આત્મામાં જ, ઉપયોગ સ્થિર થાય તેને શુદ્ધ ઉપયોગ કહેવાય છે. તે ચારિત્ર છે. તેથી નિન્દા પ્રશંસા આદિ સર્વ દ્વન્દ્વ પ્રત્યે સમભાવ થાય છે. મોહ કર્મના ઉદયથી વિષમભાવ થાય છે, તેના અભાવથી શુદ્ધ ઉપયોગરૂપ આત્મરમણતા થાય છે. તે ચારિત્ર છે. ૭૨

चरियावरिया वदसमिदिवज्जिय सुद्धभावपब्भट्ठा ।
केई जंपंति णरा ण हु कालो झाणजोयस्स ॥७३॥

चर्यावृताः व्रतसमितिवर्जिताः शुद्धभावप्रभ्रष्टाः ।
केचित् जल्पंति नराः न स्फुटं कालः ध्यानयोगस्य ॥७३॥

જે સહિત ચારિત્રાવરણથી, વ્રત સમિતિ વર્જિત તથા,
વળી શુદ્ધ ભાવ પ્રભ્રષ્ટ કહે, નહિ ધ્યાન આ કાળે કદા. ૭૩

જેનું ચારિત્ર આવરણ સહિત છે, જે વ્રત તથા સમિતિથી રહિત છે, તથા શુદ્ધ ભાવોથી અત્યંત ભ્રષ્ટ છે એવા કોઈ મિથ્યાદષ્ટિઓ કહે છે કે આ પંચમકાળ ધ્યાનને યોગ્ય નથી, અર્થાત્ પંચમકાળ ધ્યાનયોગનો સમય નથી.

सम्मत्तणाणरहिओ अभव्वजीवो हु मोक्खपरिमुक्को ।
संसारसुहे सुरदो ण हु कालो भणइ झाणस्स ॥७४॥

सम्यक्त्वज्ञानरहितः अभव्यजीवः स्फुटं मोक्षपरिमुक्तः ।
संसारसुखे सुरतः न स्फुटं कालः भणति ध्यानस्य ॥७४॥

જે રહિત સમ્યગ્ જ્ઞાન દર્શન મુક્તિહીન અભવ્ય જો;
સંસાર સુખમાં સુરત વળી કહે ધ્યાનયોગ ન કાળ તો. ૭૪

જે જીવ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનથી રહિત છે, અભવ્ય છે, મોક્ષમાર્ગથી વિમુખ છે, તથા સંસારનાં સુખમાં અત્યંત આસક્ત છે, તે કહે છે કે આ ધ્યાનયોગનો સમય નથી. ૭૪

पंचसु महव्वदेसु य पंचसु समिदिसु तीसु गुत्तीसु ।
जो मूढो अण्णाणी ण हु कालो भणइ झाणस्स ॥७५॥

पंचसु महाव्रतेषु च पंचसु समितिषु तिसृषु गुप्तिषु ।
यः मूढः अज्ञानी न स्फुटं कालः भणति ध्यानस्य ॥७५॥

જે પાંચ વ્રત ને પાંચ સમિતિ ગુપ્તિ ત્રણ જાણે નહીં;
તે મૂઢ અજ્ઞાની કહે કે ધ્યાન આ કાળે નહીં. ૭૫

જે જીવ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિના સ્વરૂપને જાણતા નથી [illegible] નથી, તે એમ કહે છે કે ભારતવર્ષમાં આ કાળમાં ધ્યાન હોય નહીં. ૭૫

भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ साहुस्स ।
तं अप्पसहावठिदे ण हु मण्णइ सो वि अण्णाणी ॥७६॥

જે પંચવિધ વસ્ત્રો ધરે, ગ્રહી ગ્રંથ ભીક્ષા આચરે;
નીચ કર્મમાં વળી રક્ત તે ચ્યુત મોક્ષમાર્ગથી છે ખરે. ૭૯

જે પાંચ પ્રકારનાં, વસ્ત્રોમાં આસક્ત છે, રેશમનાં, રૂનાં, વલ્કલનાં, ચર્મનાં કે ઊનનાં એમાંથી કોઈ એક પ્રકારનાં વસ્ત્રોને ધારે છે, વળી ગ્રંથ એટલે પરિગ્રહને ગ્રહણ કરે છે, યાચનાશીલ અર્થાત્ માગવાની વૃત્તિવાળા દીન છે, પાપકર્મમાં રક્ત છે, તથા સદોષ આહાર કરે છે તે મુનિ મોક્ષ માર્ગથી ચ્યુત છે ૭૯

णिग्गंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया ।
पावारंभविमुक्का ते गहिया मोक्खमग्गम्मि ॥८०॥
निर्ग्रंथाः मोहमुक्ताः द्वाविंशतिपरीषहाः जितकषायाः ।
पापारंभविमुक्ताः ते गृहीताः मोक्षमार्गे ॥८०॥

બાવીશ પરિષહ સહ કષાયો, જીતી મોહ વિમુક્ત જે;
નિર્ગ્રંથ પાપારંભ વિરહિત મોક્ષમાર્ગે યુક્ત તે. ૮૦

જે પરિગ્રહ રહિત છે, સ્ત્રી પુત્રાદિના મોહથી રહિત છે, બાવીશ પરિષહોને સહન કરનારા છે, કષાયોને જીતનારા છે તથા પાપરૂપ આરંભથી રહિત છે, એવા નિર્ગ્રંથોને મોક્ષમાર્ગમાં ગ્રહણ કરાયા છે. અર્થાત્ એવા નિર્ગ્રંથો મોક્ષમાર્ગમાં પ્રવર્તી રહ્યા છે.

उड्ढमज्झलोये केई मज्झं ण अहयमेगागी ।
इय भावणाए जोई पावंति हु सासयं ठाणं ॥८१॥
ऊर्ध्वाधोमध्यलोके केचित् मम न अहकमेकाकी ।
इति भावनया योगिनः प्राप्नुवंति स्फुटं शाश्वतं स्थानं ॥८१॥

એકાકી હું, નહિ કોઈ મારું, ત્રણ લોક વિષે ખરે;
આ ભાવનાથી યોગીઓ તો સિદ્ધિ શાશ્વત સુખ વરે. ૮૧

ઊર્ધ્વ લોક, મધ્યલોક તથા અધોલોક એ ત્રણેય લોકમાં મારું કોઈ નથી, હું એકલો જ છું. આવી ભાવનાવડે યોગી જનો નિશ્ચયથી અવિનાશી સુખ અર્થાત્ મોક્ષને પામે છે.

શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ સમયસાર કળશમાં કહે છે કે :

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यताम् ।
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ॥
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥

एवं जिनैः कथितं श्रमणानां श्रावकाणां पुनः श्रुणुत ।
संसारविनाशकरं सिद्धिकरं कारणं परमं ॥८५॥

કહ્યું જિનવરે મુનિકાજ, શ્રાવક કાજ કહું સુણજો અરે!
સંસારનાશક સિદ્ધિકારી પ્રથમ કારણ એ ખરે. ૮૫

આ પ્રકારે જિનેન્દ્રદેવે મુનિઓ માટે ધ્યાનનો ઉપદેશ કહ્યો છે; હવે શ્રાવકોના ધ્યાનનું કથન કહે છે. તે હે ભવ્યો! તમે સાંભળો. આ ઉપદેશ સંસારનો, જન્મમરણાદિ ભયંકર પરિભ્રમણનાં દુઃખનો, અત્યંતિક નાશ કરનાર તથા મોક્ષનાં અનંત સુખની પ્રાપ્તિનું ઉત્તમ કારણ છે. ૮૫

गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंपं ।
तं झाणे झाइज्जइ सावय ! दुक्खक्खयट्ठाए ॥८६॥

गृहीत्वा च सम्यक्त्वं सुनिर्मलं सुरगिरिव निष्कंपं ।
तद् ध्याने ध्यायते श्रावक ! दुःखक्षयार्थे ॥८६॥

સમ્યક્ત્વ સુનિર્મળ અતિ નિષ્કંપ સુરગિરિ સમ ધરો;
શ્રાવક! સકલ દુઃખક્ષય નિમિત્તે, ધ્યાનમાં તેહિજ ધરો. ૮૬

જ્ઞાનીનાં વચનના શ્રવણ કરનાર શ્રોતા તે શ્રાવક; જ્ઞાનીનાં વચન, ઉપદેશની શ્રદ્ધા કરનારા તે પણ શ્રાવક; એવા હે શ્રાવક! અતિચાર રહિત, તથા મેરુપર્વત સમાન અડોલ નિશ્ચળ, ચલ, મલિન, અગાઢ દોષ રહિત, સમ્યગ્દર્શનને ધારણ કરીને, કર્મોનો નાશ કરવા માટે, તે સમ્યગ્દર્શનનું ધ્યાન કરો. ૮૬

सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो ।
सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि ॥८७॥

सम्यक्त्वं यः ध्यायति सम्यग्दृष्टिः भवति सः जीवः ।
सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि ॥८७॥

સમ્યક્ત્વને જે ધ્યાવતા, તે જીવ સમકિતી છે ખરે;
સમ્યક્ત્વ પરિણત દુષ્ટ આઠે કર્મનો ક્ષય ઝટ કરે. ૮૭

જે શ્રાવક સમ્યગ્દર્શનનું ચિન્તવન, ધ્યાન, ભાવના કરે છે તે જીવ સમકિતી, સમ્યગ્દૃષ્ટિ છે. એ સમ્યક્ત્વ પરિણામવાળા જ્ઞાની આઠેય દુષ્ટ કર્મોનો નાશ કરે છે. ૮૭

किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले ।
सिज्झिहहि जे वि भविया तं जाणइ सम्ममाहप्पं ॥८८॥

किं बहुना भणितेन ये सिद्धाः नरवराः गते काले ।
सेत्स्यन्ति येऽपि भव्याः तज्जानीत सम्यक्त्वमाहात्म्यं ॥८८॥

બહુ કહેવું શું? ગત કાળમાં સિદ્ધિ વર્યા જે નરવરો;
વળી ભવ્ય સિદ્ધ થશે બધું એ મહાત્મ્ય સમકિતનું ધરો. ૮૮

कुत्सितदेवं धर्मं कुत्सितलिंगं च वन्दते यः तु ।
लज्जाभयगारवतः मिथ्यादृष्टिः भवेत् सः स्फुटम् ॥९२॥

કુદેવ ધર્મ કુલિંગી ગુરુને જે નમે વંદન કરે;
ભય લાજ ગારવથી પ્રગટ તો તેહ મિથ્યાત્વી ઠરે. ૯૨

જે મનુષ્યો અસતદેવ, અસતધર્મ અને અસદ્ ગુરુને, લજ્જાની, ભય, કે મોટાઈ આદિ ગારવથી પણ જો વંદન કરે, પૂજા કરે, સત્કાર કરે તો તે પણ પ્રગટ મિથ્યાદૃષ્ટિ જાણવા.

(૧) ક્ષુધા. (૨) તૃષા, (૩) રાગ, (૪) દ્વેષ, (૫) જન્મ, (૬) જરા, (૭) મરણ, (૮) રોગ, (૯) શોક, (૧૦) ભય, (૧૧) આશ્ચર્ય, (૧૨) નિદ્રા, (૧૩) ખેદ, થાક, (૧૪) પરસેવો. (૧૫) મદ, ગર્વ. (૧૬) મોહ, (૧૭) અરતિ, અરુચિ, (૧૮) ચિંતા એ અઢાર દોષ રહિત નિર્દોષ કેવળી ભગવાન તે સતદેવ છે.

તેમણે કહ્યા તેવા નિર્ગ્રંથ આત્મજ્ઞાની ગુરુ તે સદ્ગુરુ,

તેમણે કહ્યો તે દયામૂળ સદ્ધર્મ.

આ સતદેવ, સદ્ધર્મ, અને સદ્ગુરુ સિવાય અસત દેવ, અસદ્ગુરુ અને અસદ્ ધર્મને સેવે, માને તે મિથ્યાદૃષ્ટિ જાણવા. લજ્જા, ભય, કે ગારવાદિથી માને તો પણ તેને મિથ્યાદૃષ્ટિ જાણવા.

લોક આ મહાત્માને પૂજે છે, વંદે છે અને હું ના વંદું તો લોક મને શું કહેશે? લોકમાં મારી પ્રતિષ્ઠા, માન રહેશે નહિ, એવી લોકલાજ તે લજ્જાદિથી પણ અસતને માને નહિ તે સમ્યગ્દૃષ્ટિ.

રાજા આદિ આ મહાત્માને માને છે, પૂજે છે, તેથી હું નહિ પૂજું તો રાજા મને ઉપદ્રવ કરશે, ઈત્યાદિ ભયથી પણ અસતને માને નહિ તે સમ્યગ્દૃષ્ટિ.

હું મહાન કહેવાઉં છું. સર્વનું સન્માન કરવામાં મારી મહત્તા ખ્યાતિ જ્યાં ત્યાં પ્રસરી છે. માટે મારી એ મોટાઈ જાળવવા માટે પણ મારે આ મહાત્માને પૂજવા, વંદવા જોઈએ એ આદિ કારણે અસતને પૂજે, માને તો તે મિથ્યાદૃષ્ટિ જાણવા. ૯૨

सपरावेक्खं लिंगं राई देवं असंजयं वंदे ।
माणइ मिच्छादिट्ठी ण हु मण्णइ सुद्धसम्मत्ती ॥९३॥

स्वपरापेक्षं लिंगं रागिणं देवं असंयतं वन्दे ।
मानयति मिथ्यादृष्टिः न स्फुटं मानयति शुद्धसम्यक्त्वी ॥९३॥

નિજ પરાપેક્ષી લિંગી કે રાગી અસંયત દેવને,
માનતો મિથ્યા દૃષ્ટિ, વંદે કદી ન સમકિતી તેહને. ૯૩

પરિણામ તેનો ત્યાગ કરતા નથી, તેવાઓ કાયોત્સર્ગાદિ આસન, ધ્યાન કે મૌન આદિ તપશ્ચર્યાઓ કરે, છતાં તેથી તેમને શો લાભ થવાનો છે? કારણ કે આત્માનો જે સમભાવ તેને તે જાણતા નથી. ૯૭

मूलगुणं छित्तुण य बाहिरकम्मं करेइ जो साहू ।
सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियदं ॥९८॥

मूलगुणं छित्वा च बाह्यकर्म करोति यः साधुः ।
सः न लभते सिद्धिसुखं जिणलिंगविराधकः नियतं ॥९८॥

જે મૂલ ગુણને છેદી સાધુ માત્ર બાહ્ય ક્રિયા કરે;
જિનલિંગ નિત્ય વિરાધતો, પામે ન સિદ્ધિ સૌખ્ય રે! ૯૮

જે નિર્ગ્રંથ મુનિ ૨૮ મૂલ ગુણોને છેદીને કાયોત્સર્ગાદિ બાહ્ય ક્રિયા કરે છે તે મોક્ષ સુખને પામતા નથી, કારણ કે તે નિત્ય જિનલિંગને દૂષિત કરે છે.

૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઇન્દ્રિયોનો નિરોધ, ૬ આવશ્યક, ભૂમિશયન, સ્નાનનો ત્યાગ, વસ્ત્રનો ત્યાગ, કેશલોચ, એકવાર ભોજન, ઊભા રહીને ભોજન, દંત ધાવનનો ત્યાગ, એ અઠ્ઠાવીસ મૂળ ગુણ છે. તેને વિરાધીને કાયોત્સર્ગ મૌન, તપ, ધ્યાન, અધ્યયન કરે તો તે ક્રિયાઓથી મુક્તિ હોય નહિ. ૯૮

किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु ।
किं काहिदि आदावं आदसहावस्स विवरीदो ॥९९॥

किं करिष्यति बहिः कर्म किं करिष्यति बहुविधं च क्षमणं तु ।
किं करिष्यति आतापः आत्मस्वभावात् विपरीतः ॥९९॥

કરશે શું બાહિર કર્મ? શું બહુવિધિતપ ઉપવાસથી?
કરશે શું આતાપાદિ યોગ? વિપરીત આત્મ સ્વભાવથી. ૯૯

આત્માના સ્વભાવથી વિપરીત, પઠન પાઠન પ્રતિક્રમણ આદિ બાહ્ય ક્રિયાઓથી, બહુ પ્રકારના ઉપવાસોથી, તથા આતાપન યોગ આદિ કાયક્લેશથી શું કાર્ય સિદ્ધ થશે? અર્થાત્ મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થશે નહિ. ૯૯

जदि पढदि बहुसुदाणि य जदि काहिदि बहुविहं य चारित्तं ।
तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं ॥१००॥

यदि पठति बहुश्रुतानि च यदि करिष्यति बहुविधं च चारित्रं ।
तत् बालश्रुतं चरणं भवति आत्मनः विपरीतम् ॥१००॥

બહુ શ્રુતપાઠ કે બહુવિધિ ચારિત્ર પાલન જે કર્યાં;
તે બાલશ્રુત ચારિત્ર છે, વિપરીત આત્માથી કર્યાં. ૧૦૦

જે આત્મસ્વભાવથી વિપરીત થઈ બહુ પ્રકારનાં શાસ્ત્રોને ભણે છે, તથા બહુ પ્રકારનું ચારિત્ર આચરે છે, તે સર્વ અજ્ઞાનીનું શ્રુતજ્ઞાન તથા અજ્ઞાનીનું ચારિત્ર છે.

અધ્યયન, સ્વાધ્યાયમાંજ સમય વ્યતીત કરનારા છે, આવા ઉત્તમ મહાત્માઓ ત્રણ લોકમાં ઉત્તમ એવું સિદ્ધિસ્થાન, મોક્ષપદ તેને પામી પરમ કૃતાર્થ થઈ જાય છે. ૧૦૨

णविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं ।
थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह ॥१०३॥

नतैः यत् नम्यते ध्यायते ध्यातैः अनवरतम् ।
स्तूयमानैः स्तूयते देहस्थं किमपि तत् जानीत ॥१०३॥

વંદિત પણ વંદે સદા, વળી ધ્યાત ધ્યાવે જેહને;
સ્તુત પણ સ્તુતિ જેની કરે, રે! જાણ એ દેહસ્થને. ૧૦૩

હવે આચાર્યશ્રી આ મોક્ષપ્રાભૃતની અંતિમ ગાથાઓમાં કળશ સમાન અદ્ભુત ગાથાઓથી અપૂર્વ આત્મજાગૃતિ પ્રેરે છે.

હે ભવ્ય! તારા શરીરમાં રહેલ, દેહસ્થ, આત્મા તેનું માહાત્મ્ય અદ્ભુત છે, તે જાણી તેને ઓળખ.

તે આત્મા કેવો છે? લોકમાં નમસ્કાર કરવા યોગ્ય ચક્રવર્તી આદિ નરેન્દ્રો અને દેવોના અધિપતિ એવા સુરેન્દ્રોથી પણ જે નિરંતર વંદાય છે, ધ્યાન કરવા યોગ્ય તથા સ્તુતિ કરવા યોગ્ય એવા તીર્થંકરાદિ પણ શુક્લધ્યાન વડે જેનું ધ્યાન કરે છે તથા સ્તુતિ કરે છે, એવા શરીરમાં રહેલા અપૂર્વ અચિંત્ય માહાત્મ્યવાળા તમારા આત્માને તમે કોઈ પણ રીતે જાણો, ઓળખો, અનુભવો; તેની શ્રદ્ધા, રુચિ, રમણતા કરો.

तिलमध्ये यथा तैलं दुग्धमध्ये यथा घृतं ।
काष्ठमध्ये यथा वह्निर्देहमध्ये तथा शिवः ॥

તલમાં જેમ તેલ રહ્યું છે, દૂધમાં જેમ ઘી રહ્યું છે, કાષ્ઠમાં જેમ અગ્નિ રહ્યો છે, તેમ શરીરમાં શિવ એટલે મોક્ષસ્વરૂપ શુદ્ધ આત્મા સહજ આત્મસ્વરૂપ પરમાત્મ તત્ત્વ રહ્યું છે. તેને જાણો, અનુભવો, તેમાંજ સમાઈ જઈ સ્વરૂપસમાધિના અનંત આનંદને આસ્વાદી તેમાંજ નિરંતર મગ્નતારૂપ મોક્ષપદને પામી પરમ કૃતાર્થ થઈ જાઓ. ૧૦૩

अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी ।
ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं ॥१०४॥

अर्हन्तः सिद्धा आचार्या उपाध्यायाः साधवः पंच परमेष्ठिनः ।
ते अपि स्फुटं तिष्ठन्ति आत्मनि तस्मादात्मा स्फुटं मे शरणं ॥१०४॥

અરિહંત સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સાધુ પાંચ એ;
પરમેષ્ઠી સ્થિત આત્મા વિષે, આત્માજ તો શરણું મને. ૧૦૪

હવે શાસ્ત્રના અંતમાં મંગલ નિમિત્તે પંચપરમેષ્ઠી અને રત્નત્રય જેમાં ગર્ભિત છે એવું આત્મતત્ત્વ તેની ઉત્કૃષ્ટ મહત્તા દર્શાવે છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેય પરમે સ્થિતાઃ પરમેષ્ઠિનઃ [illegible] સહજ આત્મસ્વરૂપ તેમાં સ્થિત હોવાથી પરમેષ્ઠી છે; એ પરમેષ્ઠી પણ

૭. લિંગ પ્રાભૂત

काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं ।
वोच्छामि समणलिंगं पाहुडसत्थं समासेण ॥१॥

कृत्वा नमस्कारं अर्हतां तथैव सिद्धानाम् ।
वक्ष्यामि श्रमणलिंगं प्राभृतशास्त्रं समासेन ॥१॥

અરિહંત તેમજ સિદ્ધ પરમેષ્ઠી પદે પ્રણુતિ કરી,
મુનિલિંગ પ્રાભૃત શાસ્ત્ર આ સંક્ષેપમાં કહું આદરી. ૧

આચાર્યશ્રી મંગલાચરણમાં ઇષ્ટદેવને નમસ્કાર કરી ગ્રંથ કરવાની પ્રતિજ્ઞા કરે છે. આચાર્યવર કહે છે કે શ્રી અરિહંત ભગવંત તેમજ શ્રી સિદ્ધ ભગવંતને નમસ્કાર કરી જેમાં મુનિલિંગ, મુનિવેષનું નિરૂપણ છે એવું આ લિંગ પ્રાભૃત શાસ્ત્ર હું કહીશ. ૧

धम्मेण होइ लिंगं ण लिंगमत्तेण धम्मसंपत्ती ।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो ॥२॥

धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्तिः ।
जानीहि भावधर्मं किं ते लिंगेन कर्त्तव्यम् ॥२॥

છે લિંગ ધર્મવડે કરી, નહિ લિંગમાત્રે ધર્મ તો;
તો ભાવધર્મ પિછાણુ, થાયે લિંગથી શું કાર્ય, જો. ૨

ધર્મવડે કરીને લિંગ, બાહ્યવેષ હોય છે, પણ માત્ર લિંગ હોવાથી જ ધર્મની પ્રાપ્તિ થઈ જાય એમ નથી. માટે હે ભવ્ય! તું ભાવરૂપ જે ધર્મ છે, તેને પ્રથમ જાણ. માત્ર લિંગથી, બાહ્ય મુનિના વેષમાત્રથી તારું શું કામ થવાનું છે? અર્થાત્ કાંઈ જ નહિ. ૨

जो पावमोहिदमदी लिंगं घेत्तूण जिणवरिंदाणं ।
उवहसइ लिंगिभावं लिंगिम्मिय णारदो लिंगी ॥३॥

यः पापमोहितमतिः लिंगं गृहीत्वा जिनवरेन्द्राणाम् ।
उपहसति लिंगिभावं लिंगिषु नारदः लिंगी ॥३॥

જે પાપથી મોહિત મતિ ધરી લિંગ જિનવરનું કરે;
ઉપહાસ લિંગી ભાવનો તે લિંગીમાં નારદ ઠરે. ૩

જિનવરનું લિંગ, મુનિવેષને ધારણ કરીને, જે પાપથી મોહિત બુદ્ધિવાળા થઈને, આર્તક્રિયાઓમાં વર્તે અને લિંગી, મુનિના ભાવ શુદ્ધ નહિ રાખતાં ભાવ વિકારમય, પાપમય રાખે તે મુનિલિંગને લજાવે છે, હાંસીપાત્ર બનાવે છે. તેવા વેષધારીઓ નારદના જેવા [illegible] મનુષ્ય છે. આ ગાથાના ચોથા ચરણમાં પાઠાંતર "લિંગિ [illegible] લિંગીણં" છે તેનો અર્થ આવા વેષધારી લિંગી અન્ય લિંગધારી મુનિના લિંગને પણ નષ્ટ કરે છે, અને આવા જ લિંગી આવા હોય છે, એમ જિનલિંગને જ લજાવે છે. માટે જિનેન્દ્રના લિંગને, વેષને લજાવવું યોગ્ય નથી. ૩

दंसणणाणचरित्ते उवहाणे जइ ण लिंगरूवेण।
अट्टं झायदि झाणं अणंतसंसारिओ होदि ॥८॥
दर्शनज्ञानचारित्राणि उपधानानि यदि न लिंगरूपेण।
आर्त्तं ध्यायति ध्यानं अनंतसंसारिको भवति ॥८॥

મુનિ વેષ ધરીને પણ ધર્યાં ના જ્ઞાન દર્શન ચરણ જો;
ધરી આર્ત ધ્યાન અનંત સંસારી બન્યો, વધ્યું ભ્રમણ તો. ૮

લિંગરૂપે, મુનિનો વેષ ધરીને પણ જ્ઞાન દર્શન અને ચારિત્રને જો ધારણ ન કર્યાં અને આર્ત્તધ્યાન ધર્યા કર્યાં તો એવા મુનિ અનંતસંસારી થાય છે.

મુનિવેષ ધરીને દર્શન જ્ઞાન ચારિત્રનું સેવન કરવાનું હતું, તે તો કર્યું નહિ, અને ગૃહ કુટુંબ પરિગ્રહ આદિ વિષયોનો ત્યાગ કર્યો હતો, તેને પાછા ફરી ચિંતવન કરીને આર્ત ધ્યાન ધ્યાવવા માંડયાં, તેથી જન્મ મરણરૂપ સંસારમાં અનંત કાળ ભમવું પડે, તેવો અનંતસંસારી થયો.

તાત્પર્ય કે સમ્યગ્દર્શનાદિ ભાવ તો પહેલાં થયા નહિ અને કંઈ કારણ મળતાં મુનિવેષ લઈ લીધો તે કયાં સુધી ટકે ? પહેલાં ભાવશુદ્ધિ કરીને પછી ત્યાગ કરવો યોગ્ય છે.

ભાવશુદ્ધિ વિના ત્યાગ ગ્રહણ કરે તો કેવી પ્રવૃત્તિ થાય તે હવે કહે છે. ૮

जो जोडेदि विवाहं किसिकम्मवणिज्जजीवघादं च।
वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण ॥९॥
यः योजयति विवाहं कृषिकर्मवाणिज्यजीवघातं च।
व्रजति नरकं पापः कुर्वाणः लिंगिरूपेण ॥९॥

કૃષિકર્મ કે વ્યાપાર કે વિવાહ જીવ હિંસાદિને;
મુનિલિંગ ધરીને જે કરાવે, જાય નરકે પાપી તે. ૯

ગૃહસ્થપણું ત્યાગીને શુદ્ધ ભાવની પ્રાપ્તિ વિના, મુનિપણું ધારણ કર્યું. પછી ભાવની વાસના મટેલી નહિ હોવાથી મુનિપણામાં પણ અન્યના વિવાહ કરાવે, ખેતી કરે અથવા કરાવે, વેપાર, જીવઘાત આદિ કરે અથવા કરાવે; ઈત્યાદિ પાપ કાર્યો કરીને મુનિલિંગ ધારીને પણ તે પાપી નરકમાં જાય છે. ૯

चोराण लाउराण य जुद्ध विवादं च तिव्वकम्मेहिं।
जंतेण दिव्वमाणो गच्छदि लिंगी णरयवासं ॥१०॥
चौराणां लापराणां च युद्धं विवादं च तीव्रकर्मभिः।
यन्त्रेण दीव्यमानः गच्छति लिंगी नरकवासं ॥१०॥

ચોરો લબાડોમાં વિવાદો યુદ્ધ જગાવે મુનિ થતાં;
ચોપાટ આદિ, તીવ્ર કર્મ, લિંગી નરકે તે જતા. ૧૦

જે મુનિલિંગ ધારણ કરીને પણ [illegible] લબાડોમાં વિવાદ કે યુદ્ધ [illegible] તીવ્ર કર્મો વડે તથા શેતરંજ, પાસા, ચોપાટ

गिण्हदि अदत्तदाणं परणिंदा वि य परोक्खदूसेहिं ।
जिणलिंगं धारंतो चोरेण व होइ सो समणो ॥१४॥

गृह्णाति अदत्तदानं परनिंदामपि च परोक्षदूषणैः ।
जिनलिंगं धारयन् चोरेणेव भवति सः श्रमणः ॥१४॥

જે ગ્રહે દાન અદત્ત, નિન્દા, દોષ પાછળ વદી કરે;
જિનલિંગને ધારે છતાં, મુનિ ચોર સદૃશ તે ઠરે. ૧૪

બીજાએ આપ્યા વગરનું દાન જે લે, તથા પરોક્ષે જે પરનાં દૂષણ બોલી તેની નિંદા કરે, તે મુનિ જિનલિંગને ધારતાં છતાં ચોર સરખાજ છે. ૧૪

उप्पडदि पडदि धावदि पुढवीओ खणदि लिंगरूवेण ।
इरियावह धारंतो तिरिक्खजोणी ण सो समणो ॥१५॥

उत्पतति पतति धावति पृथिवीं खनति लिंगरूपेण ।
ईर्यापथं धारयन् तिर्यग्योनिः न सः श्रमणः ॥१५॥

મુનિરૂપમાં ઈર્યા સમિતિ ધારી દોડે ઊછળે;
નીચે પડે, પૃથ્વી ખણે, પશુ અજ્ઞ એ મુનિ ના ભળે. ૧૫

મુનિનું લિંગ ધારણ કરી ઈર્યાપથ શોધીને, ચાલવાનું છતાં તેમ ન કરે અને દોડતા ચાલે, ઊછળે, પડી જાય, વળી ઊઠીને દોડે, વળી પૃથ્વીને ખોદે, ચાલતાં એવા પગ પછાડે કે ભૂમિ ખોદાઈ જાય એવું ચાલે, તે તિર્યંચયોનિ અર્થાત્ પશુ સમાન અજ્ઞાની છે, મનુષ્ય નથી તો મુનિ તો હોયજ શાના ? ૧૫

बंधो णिरओ संतो सस्सं खंडेदि तह य वसुहं पि ।
छिंददि तरुगण बहुसो तिरिक्खजोणी ण सो समणो ॥१६॥

बंधं नीरजाः सन् सस्यं खंडयति तथा च वसुधामपि ।
छिनत्ति तरुगणं बहुशः तिर्यग्योनिः न सः श्रमणः ॥१६॥

ગણી બંધને નિર્દોષ ખાંડે અન્ન ખોદે વળી ધરા;
બહુ વાર વૃક્ષો છેદતા, પશુ અજ્ઞ તે મુનિ નહિ જરા. ૧૬

જે લિંગને ધારણ કરીને વનસ્પતિ આદિની હિંસાથી બંધ થાય છે તેને દૂષણ ન ગણે અને અનાજ આદિને ખાંડે, જમીનને ખોદે, વૃક્ષના સમૂહને વારંવાર છેદે, આવા મુનિલિંગ ધારી તિર્યંચયોનિ, પશુ છે, અજ્ઞાની છે, પણ મુનિ નથી. ૧૬

रागो करेदि णिच्चं महिलावग्गं परं च दूसेइ ।
दंसणणाणविहीणो तिरिक्खजोणी ण सो समणो ॥१७॥

रागं करोति नित्यं महिलावर्गं परं च दूषयति ।
दर्शनज्ञानविहीनः तिर्यग्योनिः न सः श्रमणः ॥१७॥

સ્ત્રી સમૂહમાં રાગી સદા, કરી દોષ પરને દૂષવે;
જે દર્શનજ્ઞાન હીન, પશુ તે અજ્ઞ મુનિ નહિ સંભવે. ૧૭

पुंच्छलिघरि जो भुंजइ णिच्चं संथुणदि पोसए पिंडं ।
पावदि बालसहावं भावविणट्ठो ण सो सवणो ॥२१॥

पुंश्चलीगृहे यः भुंक्ते नित्यं संस्तौति पुष्णाति पिंडं ।
प्राप्नोति बालस्वभावं भावविनष्टः न सः श्रमणः ॥२१॥

ભોજન કરે અસતીગૃહે, તે પ્રશંસે, તન પોષતા;
તે લહે અજ્ઞ સ્વભાવ, ભાવે ભ્રષ્ટ તે મુનિ નહિ કદા. ૨૧

જે મુનિવેષધારી, અસતી, વ્યભિચારિણી સ્ત્રીને ઘેર ભોજન લે, તેની નિત્ય પ્રશંસા કરે, શરીરને પોષે તે ભાવથી ભ્રષ્ટ થયેલા મુનિ અજ્ઞાનમય બાલ સ્વભાવને પામે છે, અર્થાત્ અજ્ઞાની ભાવવિનષ્ટ હોવાથી મુનિ નથી. ૨૧

इय लिंगपाहुडमिणं सव्वं बुद्धेहिं देसियं धम्मं ।
पालेइ कट्ठसहियं सो गाहदि उत्तमं ठाणं ॥२२॥

इति लिंगप्राभृतमिदं सर्वं बुद्धैः देशितं धर्मम् ।
पालयति कष्टसहितं सः गाहते उत्तमं स्थानं ॥२२॥

ઇમ લિંગ પ્રાભૃતશાસ્ત્ર આ, જે સર્વ જ્ઞાની પ્રકાશતા;
એ ધર્મ પાળે કષ્ટ સહ તે સ્થાન ઉત્તમ પામતા. ૨૨

એવું આ લિંગપ્રાભૃત શાસ્ત્ર સર્વ જ્ઞાનીઓએ ઉપદેશ્યું છે. તેને જાણીને જે તેમાં કહેલા આત્મસ્વભાવરૂપ ધર્મને પાળે તે ઉત્તમ સ્થાન જે મોક્ષ તેને પામે. ૨૨

हृदि स्फुरति तस्योच्चैर्वोधिरत्नं सुनिर्मलम् ।
शीलशालो न यस्याक्षदन्तिभिः प्रविदारितः ॥

—શ્રી જ્ઞાનાર્ણવ

જે જ્ઞાનીનું શીલરૂપી વૃક્ષ ઇન્દ્રિયરૂપી હાથીઓએ ઉખેડી નાખ્યું નથી, નાશ કર્યું નથી, તે જ્ઞાનીના હૃદયમાં અતિ પવિત્ર બોધિરૂપી રત્ન અત્યંત ઉજ્જવળતાથી પ્રકાશી ઊઠે છે.

જે વિષયમાં આસક્ત છે તેને શીલની રક્ષા નથી, તેથી દર્શનશુદ્ધિ રહેતી નથી, અને તેથી ચારિત્રમાં શિથિલતા થાય છે, તેથી તેને બોધિની પ્રાપ્તિ થતી નથી. જેથી તેને નિર્વાણ પ્રાપ્તિ થતી નથી. માટે મોક્ષમાર્ગમાં શીલ જ પ્રધાન છે. ૧૨

विसएसु मोहिदाणं कहियं मग्गं पि इट्ठदरिसीणं ।
उम्मग्गं दरिसीणं णाणं पि णिरत्थयं तेसिं ॥१३॥
विषयेषु मोहितानां कथितो मार्गोऽपि इष्टदर्शिनां ।
उन्मार्गं दर्शिनां ज्ञानमपि निरर्थकं तेषाम् ॥१३॥

યદિ વિષયવશ પણ ઇષ્ટપથ દર્શાવતા શિવપથ લહે,
ઉન્માર્ગને દર્શાવતા યદિ જ્ઞાની જ્ઞાન વૃથા અહે. ૧૩

જે પુરુષો ઇષ્ટ માર્ગને દર્શાવનારા છે પણ જો વિષયોથી વિમોહિત છે તો તેને માર્ગની પ્રાપ્તિ કહી છે, પણ જો તે ઉન્માર્ગને દર્શાવનારા છે તો તેમને માર્ગની પ્રાપ્તિ તો નથી પરંતુ તેમનું જ્ઞાન પણ નિરર્થક છે.

પૂર્વે કહ્યું હતું કે જ્ઞાનને અને શીલને વિરોધ નથી. તેમાં આટલું વિશેષ જાણવું કે જ્ઞાન હોય અને તે વિષયાસક્ત હોય તો જ્ઞાન બગડે, તેથી શીલ રહે નહિ. હવે અહીં એમ કહ્યું કે જ્ઞાન પામીને ચારિત્ર મોહના ઉદયથી, કદાચ વિષયો ન છૂટે, તેથી તેમાં વિમોહિત રહે, પણ માર્ગની પ્રરૂપણા તો વિષયના ત્યાગરૂપ જ કરે, તો તેને તો માર્ગની પ્રાપ્તિ થાય, પણ જે માર્ગને કુમાર્ગરૂપ પ્રરૂપે. વિષય સેવનને સુમાર્ગરૂપ બતાવે, તો તેનું જ્ઞાન પામેલું સર્વ નિરર્થક છે. જ્ઞાન પામીને મિથ્યા માર્ગ બતાવે તો તે જ્ઞાન શાનું? તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

અહીં આશય એમ છે કે [illegible] સહિત અવિરત સમ્યગ્દૃષ્ટિ છે તે સારા છે, કારણ કે તે સમ્યગ્દૃષ્ટિ કુમાર્ગ પ્રરૂપે નહીં, પોતાને ચારિત્રમોહનો ઉદય પ્રબળ હોવાથી [illegible] છૂટતા નથી, તેથી અવિરત છે. પરંતુ જે સમ્યગ્દૃષ્ટિ ન હોય તેઓને પણ જ્ઞાન [illegible] કુમાર્ગ પ્રરૂપે તો [illegible] ૧૩

कुमयकुसुदपसंसा जाणंता बहुविहाइं सत्थाइं ।
सीलवदणाणरहिदा ण हु ते आराहया होंति ॥१४॥

वायरणछंदवइसेसियववहारणायसत्थेसु ।
वेदेऊण सुदेसु य तेव सुयं उत्तमं सीलं ॥१६॥

व्याकरणछन्दोवैशेषिकव्यवहारन्यायशास्त्रेषु ।
विदित्वा श्रुतेषु च तेषु श्रुतं उत्तमं शीलम् ॥१६॥

જે છંદ કે વ્યાકરણ, વૈશેષિક, ન્યાય શ્રુતો ભણે;
ઉત્કૃષ્ટ શ્રુત એ સર્વ શ્રુતમાં જ્ઞાની તો શીલ જ ગણે. ૧૬

વ્યાકરણ, છંદ, વૈશેષિક, વ્યવહાર, ન્યાયશાસ્ત્ર આદિ તથા શ્રુત એટલે જિનાગમ એ સર્વને જે જાણે છતાં તે સર્વમાં ઉત્કૃષ્ટ, સર્વોપરી શ્રુત જ્ઞાન તો શીલ જ છે. અર્થાત્ બધાં શાસ્ત્રજ્ઞાન સહિત હોય છતાં પણ વિષયોથી વિરક્ત ન થાય તો તે જ્ઞાન નિરર્થક છે, તેથી વિષયોથી વિરક્તિરૂપ શીલ એ સર્વ જ્ઞાનમાં સર્વોત્તમ છે. ૧૬

सीलगुणमंडिदाणं देवा भवियाण वल्लहा होंति ।
सुदपारयपउरा णं दुस्सीला अप्पिला लोए ॥१७॥

शीलगुणमंडितानां देवा भव्यानां वल्लभा भवंति ।
श्रुतपारगप्रचुराः दुःशीला अल्पकाः लोके ॥१७॥

વળી શીલ ગુણ મંડિત ભવિને, દેવ પણ વલ્લભ બને;
શ્રુત પારગામી બહુ જનોમાં, શીલહીનો અલ્પ છે. ૧૭

જે ભવ્ય પ્રાણી શીલ અને સમ્યગ્દર્શનાદિ ગુણો અથવા શીલરૂપ ગુણ વડે વિભૂષિત છે, તેને દેવ પણ વલ્લભ થાય છે. અર્થાત્ દેવો પણ તેની સેવા કરનાર, સહાયક થાય છે. શાસ્ત્રનો પાર પામનારા અગિયાર અંગના અભ્યાસી એવા ઘણા છે. તેમાં જે દુઃશીલ એટલે શીલ ગુણ રહિત છે તેવાઓ લોકમાં અલ્પકા, એટલે ન્યૂન, હલકા, તુચ્છ છે. લોકમાં તે પ્રશંસા પામતા નથી, તો દેવોને તો તે વલ્લભ થાય જ ક્યાંથી? શીલ ગુણવાન સર્વને પ્રિય થાય છે. ૧૭

सव्वे वि य परिहीणा रूवविरूवा वि वदिदसुवया वि ।
सीलं जेसु सुसीलं सुजीविदं माणुसं तेसिं ॥१८॥

सर्वेऽपि च परिहीनाः रूपविरूपा अपि पतितसुवयसोऽपि ।
शीलं येषु सुशीलं सुजीवितं मानुष्यं तेषाम् ॥१८॥

જે સર્વમાં અતિ હીન, રૂપે કુરૂપ, પણ જર્જરિત હો;
પણ શીલમાં જે સુશીલ તેનું ધન્ય માનવ જીવિત હો. ૧૮

જે સર્વ મનુષ્યોમાં હીન છે, કુળ આદિમાં ન્યૂન, હલકા છે, રૂપમાં કુરૂપ છે, [illegible] છે, અર્થાત્ જર્જરિત થઈ ગયું છે, પણ [illegible] સુંદર છે, ધન્ય છે, સર્વોત્તમ છે. ૧૮

જિમ વિષય લુબ્ધ મરે સ્વયં, તિમ ચરાચર બહુ જીવને;
એ તો વિનાશે સર્વને, દારુણ વિષ વિષયો બને. ૨૧

જેમ વિષયમાં આસક્ત જીવો વિષયોરૂપ વિષ વડે સ્વયં હણાય છે તેવીજ રીતે ત્રસ અને સ્થાવર સર્વ જીવોનો વિષયરૂપ વિષ વડે તે નાશ કરી દે છે. માટે વિષયોરૂપ વિષ અત્યંત દારુણ, તીવ્ર છે.

સર્પાદિક પ્રાણીનું વિષ એકજ વાર મરણ કરે છે જ્યારે વિષયલુબ્ધ જીવોને વિષયરૂપી વિષ તો ફરીફરી મરણ કરવાં પડે એવાં અનંત કર્મ બંધાવી ભવચક્રમાં ભ્રમણ કરાવ્યા જ કરે છે. માટે વિષયોનું વિષ, બીજાં વિષ કરતાં વધારે અત્યંત તીવ્ર દારુણ કહ્યું છે. શ્રીમદ્ શુભચંદ્રાચાર્ય શ્રી જ્ઞાનાર્ણવમાં કહે છેઃ—

विषस्य कालकूटस्य विषयाख्यस्य चान्तरम् ।
वदन्ति ज्ञाततत्त्वार्था मेरुसर्षपयोरिव ॥

તત્ત્વ અર્થાત્ વસ્તુસ્વરૂપને જાણનારા તત્વજ્ઞાનીઓએ હલાહલ કાલકૂટ વિષમાં અને વિષયોમાં મેરુ અને સરસવ જેટલું અંતર કહ્યું છે. અર્થાત્ કાલકૂટ વિષ તો સરસવ જેટલું અલ્પ છે જ્યારે વિષયોરૂપી વિષ મેરુ પર્વત સમાન મહાન છે. ૨૧

वारि एक्कम्मि य जम्मे सरिज्ज विसवेयणाहदो जीवो ।
विसयविसपरिहया णं भमंति संसारकांतारे ॥२२॥

वारे एकस्मिन् च जन्मनि गच्छेद् विषवेदनाहतः जीवः ।
विषयविषपरिहता भ्रमंति संसारकांतारे ॥२२॥

વિષવેદના હત જીવ એક જ વાર મરી જન્મે ભવે,
પણ વિષયવિષથી હણાયલા તો ફરી ફરી ભમતા ભવે. ૨૨

વિષની પીડામાં મરે તે જીવો તો એકજ વાર મરીને ફરી જન્મ પામે છે, પરંતુ વિષયરૂપ વિષથી મરેલા જીવો સંસારરૂપ વનમાં દીર્ઘ કાળ સુધી ફરી ફરી જન્મ મરણ કર્યાં કરવાં પડે તેવાં ભ્રમણમાં ભમ્યા કરે છે. ૨૨

णरएसु वेयणाओ तिरिक्खए माणुएसु दुक्खाइं ।
देवेसु वि दोहग्गं लहंति विसयासत्ता जीवा ॥२३॥

नरकेषु वेदनाः तिर्यक्षु मानुषेषु दुःखानि ।
देवेषु अपि दौर्भाग्यं लभंते विषयासक्ता जीवाः ॥२३॥

નરકે [illegible] અતિ વેદના, તિર્યંચ નરમાં દુઃખ જો;
વળી દેવમાં દુર્ભાગ્ય પામે, જીવ વિષયાસક્ત તો. ૨૩

રહીને સંસારમાં રેંટની માફક ભમ્યા કરે છે. તેમજ તેના સંગથી બીજાઓને પણ તેની સાથે ભવભ્રમણ કર્યા કરવાં પડે છે, અથવા બીજાઓને પણ તે વિષયોમાં જ લુબ્ધ બનાવી ભવભ્રમણનાં દુઃખ ભોગવાવે છે. માટે એવા અજ્ઞાનીના સંગ પ્રસંગથી દૂર રહેવું તથા વિષયાસક્તપણું છોડવું એજ આત્માને હિતકર છે. ૨૬

आदेहि कम्मगंठी जा बद्धा विसयरागरागेहिं[२] ।
तं छिन्दन्ति कयत्था तवसंजमसीलयगुणेण ॥२७॥
आत्मनि कर्मग्रंथिः या बद्धा विषयरागरागैः ।
तां छिन्दंति कृतार्थाः तपः संयमशीलगुणेन ॥२७॥
બંધાઈ જીવમાં કર્મગ્રંથી વિષય રાગવિમોહથી;
કૃતકૃત્ય નર તે છેદતા, તપ શીલ સંયમ ગુણથી. ૨૭

જીવે વિષયોમાં રાગ એટલે આસક્તિના દૃઢ રંગથી, અભ્યાસથી પોતે જ કર્મની ગાંઠ બાંધી છે, તેને કૃતાર્થ પુરુષો, ધન્યરૂપ મહાભાગ્ય પુરુષો, તપ, સંયમ, શીલાદિથી છેદી નાખે છે.

આત્મા અને પુદ્ગલો જુદાં છે, એવા અમૂલ્ય ભેદજ્ઞાનને, જ્ઞાની કૃપાળુ સદ્ગુરુની કૃપાથી પામીને ભાગ્યવંત જીવો, કર્મની અનાદિની જીવ સાથે બંધાયેલી ગ્રન્થી, ગાંઠ તેને છેદીને આત્માને કર્મનાં બંધનોથી મુક્ત કરે છે. ૨૭

उदधीव रदणभरिदो तवविणयंसीलदाणरयणाणं ।
सोहेंतो य ससीलो णिव्वाणमणुत्तरं पत्तो ॥२८॥
उदधिरिव रत्नभृतः तपोविनयशीलदानरत्नानां ।
शोभते च सशीलः निर्वाणमनुत्तरं प्राप्तः ॥२८॥
રત્નોથી જલધિ તેમ સંયમ શીલ તપ વિનયાદિ એ;
રત્નોથી શોભે શીલ સહ તો, લહે અનુપમ મુક્તિ એ. ૨૮

રત્નોથી ભરપૂર એવો સમુદ્ર પણ જેમ જળ વડે શોભા પામે છે, તેમ સંયમ, શીલ, તપ, વિનયાદિ રત્નો સહિત પણ જ્ઞાની શીલ રત્ન સહિત હોવાથી શોભે છે. અને એ શીલના કારણે જ અનુત્તર, જેનાથી ઉત્તમ બીજું કોઈ નથી એવું, સર્વોપરી મોક્ષપદ પામે છે.

જેમ સમુદ્રમાં રત્નો ઘણાં હોય છતાં જળવડે જ સમુદ્ર કહેવાય છે તેમ આત્મામાં અનન્ત ગુણ ઘણા હોય છતાં શીલ હોય તો જ તે નિર્વાણ પામે છે. ૨૮

सुणहाण गद्दहाण य गोपसुमहिलाण दीसदे मोक्खो ।
जे सोधंति चउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं ॥२९॥

जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा ।
ता लेहदि अरुहपयं भणियं जिणवड्ढमाणेण ॥३२॥
य विषयविरक्तः सः गमयति नरकवेदनां प्रचुरां ।
तत् लभते अर्हत्पदं भणितं जिनवर्द्धमानेन ॥३२॥
દુઃખ નરકનાં અતિ કમ કરે, જે વિષયથી વિરક્ત તે;
અરિહંત પદ પામે પછી, જિન વર્ધમાન કથિત એ. ૩૨

જે જીવ વિષયથી વિરક્ત છે, તે નરકની ઘણી વેદના છે તેને પણ કમ કરી દે છે, ત્યાં પણ ઘણા દુઃખી થતા નથી, તથા ત્યાંથી નીકળીને અરિહંત પદને પામે છે. એમ શ્રી વર્ધમાન સ્વામીએ કહ્યું છે.

જીવ ત્રીજી નરકમાંથી નીકળીને તીર્થંકર થાય છે તે પણ શીલનુંજ માહાત્મ્ય છે. ત્યાં સમ્યક્ત્વ સહિત થઈ, વિષયથી વિરક્ત બની, શુભ ભાવના ભાવે, તેથી નરકની વેદના પણ અલ્પ થાય તથા ત્યાંથી નીકળી તીર્થંકર પદ પામે; આ મહાત્મ્ય શીલનું જ જાણો. ૩૨

एवं बहुप्पयारं जिणेहि पच्चक्खणाणदरसीहिं ।
सीलेण य मोक्खपयं अक्खातीदं य लोयणाणेहिं ॥३३॥
एवं बहुप्रकारं जिनैः प्रत्यक्षज्ञानदर्शिभिः ।
शीलेन च मोक्षपदं अक्षातीतं च लोकज्ञानैः ॥३३॥
પ્રત્યક્ષ જ્ઞાની લોકજ્ઞાતા જિનવરો બહુવિધ કહે;
ઇમ શીલથી મુક્તિ તણું સુખ અતીન્દ્રિય જીવો લહે. ૩૩

આ પ્રકારે સકલ પ્રત્યક્ષ એવા કેવળજ્ઞાન વડે લોકાલોકને જાણનારા વિશ્વદ્રષ્ટા સર્વજ્ઞ એવા જિનેન્દ્ર ભગવાને શીલ વડે પ્રાપ્ત થવા યોગ્ય અતીન્દ્રિય સુખરૂપ મોક્ષસ્થાનનું બહુ પ્રકારે વર્ણન કર્યું છે. માટે હે ભવ્યો, મોક્ષપ્રાપ્તિ માટે શીલને અંગીકાર કરો. ૩૩

सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं ।
जलणो वि पवणसहिदो डहंति पोरायणं कम्मं ॥३४॥
सम्यक्त्वज्ञानदर्शनतपोवीर्यपंचाचाराः आत्मनां ।
ज्वलनोऽपि पवनसहितः दहंति पुरातनं कर्म ॥३४॥
સમ્યક્ત્વ દર્શન જ્ઞાન તપ ને વીર્ય પંચાચારથી;
[illegible] [illegible] જૂનાં યથા દવ અગ્નિ વાયુ પ્રચારથી. ૩૪

[illegible] [illegible] [illegible] [illegible] ઘણાં ઇંધનને બાળી ભસ્મ કરી દે છે, તેમ સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, તપ અને વીર્ય એ પંચ આચાર આત્માના આશ્રયથી પૂર્વે [illegible] કર્મોને બાળી [illegible] [illegible] દે છે.

પદાર્થને જાણવારૂપ જ્ઞાન, ચિત્તની એકાગ્રતારૂપ ધ્યાન, સમાધિસ્થ થવું તે યોગ, તથા નિરતિચાર શુદ્ધ સમ્યગ્દર્શન એ ગુણો વીર્યને આધીન છે. અર્થાત્ વીર્ય, શક્તિ પ્રમાણે તેને ધારણ કરવા જોઈએ. સમ્યગ્દર્શન વડે રત્નત્રયની પ્રાપ્તિ થાય છે એમ જિન શાસનમાં કહ્યું છે. આ રત્નત્રય આત્માનો સ્વભાવ છે. તેને શીલ પણ કહેવાય છે. તેની પ્રાપ્તિથી ધ્યાનાદિક યથાશક્તિ થઈ શકે છે, તથા તેથી શક્તિપણ વધે છે. ૩૭

जिणवयणगहिदसारा विसयविरत्ता तपोधणा धीरा ।
सीलसलिलेण ण्हादा ते सिद्धालयसुहं जंति ॥३८॥

जिनवचनगृहीतसारा विषयविरक्ताः तपोधनाधीराः ।
शीलसलिलेन स्नाताः ते सिद्धालयसुखं यांति ॥३८॥

જિનવચનથી ગ્રહી સાર, ધીર વિષયવિરક્ત તપોધના,
વળી સ્નાન શીલ જલે કરી, સુખ લહે સિદ્ધાલય તણાં. ૩૮

જે જીવો સર્વજ્ઞ ભગવાનનાં વચનોથી વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણી તેના સારરૂપે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરે છે, તે ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થાય છે, તપને અંગીકાર કરે છે, તપ એજ પોતાનું ધન છે, એવા તપોધન બને છે, પરીષહ ઉપસર્ગને સહન કરવામાં ધીર વીર અડોલ અકંપ રહે છે, તેથી તેઓ સ્વરૂપની પ્રાપ્તિની પૂર્ણતારૂપ, શુદ્ધ સહજાત્મસ્વરૂપરૂપ, નિર્મળ શીલરૂપ જળ વડે સ્નાન કરી, શુદ્ધ થઈ, સિદ્ધાલય કે જ્યાં સિદ્ધ ભગવંત બિરાજે છે, ત્યાં મોક્ષમંદિરમાં, આત્માના અનંત, પરમાનંદમય, અવિનાશી, અતીન્દ્રિય, અવ્યાબાધ, સ્વાધીન સુખભોગમાં, સદાને માટે જઈ બિરાજે છે. આવું શીલનું માહાત્મ્ય જાણી મોક્ષાર્થીઓ સદાય શીલગુણથી અલંકૃત થવા તત્પર રહે છે. ૩૮

सव्वगुणखीणकम्मा सुहदुक्खविवज्जिदा मणविसुद्धा ।
पप्फोडियकम्मरया हवंति आराहणा पयडा ॥३९॥

सर्वगुणक्षीणकर्माणः सुखदुःखविवर्जिताः मनोविशुद्धाः ।
प्रस्फोटितकर्मरजसः भवंति आराधनाः प्रकटाः ॥३९॥

જ્યાં સર્વ ગુણથી કર્મ ક્ષય, સુખ દુઃખ રહિત, મનશુદ્ધતા,
ત્યાં કર્મ ધૂળ ઉડાવનારી, પ્રગટતી આરાધના. ૩૯

[illegible] પ્રાપ્તિ માટે અંત સમયે સલ્લેખના કરવાનું કહ્યું છે. ત્યાં દર્શન જ્ઞાન [illegible] ઉપદેશ છે. તે આરાધનાઓ આ શીલગુણથી જ [illegible] કહે છે.

[illegible] થાય છે [illegible] જેનાં સુખ [illegible] વિશુદ્ધ થયા છે જેનાં, તથા [illegible] શીલથી પ્રગટ થાય છે.

સર્વ ચરિત્રમાં, ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એજ પરાભક્તિ છે. જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માનીને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એકલયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. જ્ઞાની તીર્થંકર દેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠિ મંત્રમાં "નમો અરિહંતાણં" પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એજ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ અને એજ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે."

"જેના વચનબળે જીવ નિર્વાણ માર્ગને પામે છે એવી સજીવન મૂર્તિનો પૂર્વકાળમાં જીવને યોગ ઘણીવાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે, તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્ મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે. તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીન ભાવે તેમાંજ વૃત્તિ રાખીને જીવે છે; બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયા હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એજ દશા આવ્યાથી એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

ઉપર પ્રમાણે જણાવેલી સત્પુરુષની શ્રદ્ધા, પ્રતીતિ, ભક્તિ, આશ્રય, નિશ્રય એ સમ્યક્ત્વનું કારણ હોવાથી તે ભક્તિને સમ્યક્ત્વરૂપ કહી છે.

મત દર્શન આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ.

—શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

આવી [illegible] અનન્ય અનુપમ ભક્તિ શ્રીમદ્ ગૌતમ સ્વામીની ભગવાન મહાવીર દેવ પ્રત્યેની સુપ્રસિદ્ધ છે.

सर्वज्ञ वीतरागस्य स्ववशस्यास्य योगिनः
न कामपि भिदां कापि तां विद्मो हा! जडा वयम्॥

—શ્રી નિયમસાર ગા. ૧૪૬,
ટીકા પદ્યાંક ૨૫૩—શ્રી અમૃતચંદ્રસૂરિ

સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.

આ જન્મમાં સ્વવશ જ્ઞાની એકજ ધન્ય છે કે જે અનન્યબુદ્ધિવાળા રહેતા થકા, નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતા થકા, સર્વ કર્મોથી બહાર રહે છે. સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણચંદ્ર સમાન તે સહજાત્માને હું વંદું છું.

એવા સહજાત્મા, સ્વવશયોગી, અચિંત્ય આત્મદશામાં રમણતા કરનાર સદ્‌ગુરુનો નિશ્ચય અને આશ્રય જેને છે તે મહાભાગ્યશાળી છે. એવા ભાગ્યવંત આત્માર્થીઓ એવા સમર્થ જ્ઞાનીની ભક્તિથી, તેના ઉપદેશને પરિણમાવી સમ્યક્‌ત્વ તથા શીલ આદિ પામી અલ્પકાળમાં ભવમુક્ત થાય છે.

સમ્યક્‌ત્વ પ્રગટે તો વિષયોથી વિરક્તિ વધી જાય છે. વિષયો પ્રત્યે વૈરાગ્ય ન હોય તો આ કારાગૃહરૂપ સંસારનું અને અનંત સુખમય સ્વાધીન મોક્ષદશાનું યથાર્થ સ્વરૂપ ભાસતું નથી. તેથી જેને સમ્યક્‌ત્વ પ્રગટે છે તેને વિષયોથી વિરક્તિરૂપ શીલ પ્રગટે છે.

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ પુર ને અધિકાર.
જે નવ વાડ વિશુદ્ધથી ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે તત્ત્વવચન એ ભાઈ.
સુંદર શીયળ સુરતરુ, મનવાણી ને દેહ;
જે નરનારી સેવશે અનુપમ ફળ તે લેહ.

—શ્રીમદ્ રાજચંદ્ર

સમ્યક્‌ત્વ અને શીલ પ્રગટવાથી જે જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એમ સમ્યક્‌ત્વ અને શીલનો સંબંધ થવાથી પોતાના કેવળજ્ઞાન આદિ ગુણોની તથા આગમોની કે શ્રુતજ્ઞાનરૂપ શાસ્ત્રોની મહત્તા ભાસે છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શન તથા શીલની સાથે જ્ઞાનનો મહિમા જાણવાથી આત્માના પવિત્ર ગુણો અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિની ઉપાસનાથી શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ એવું નિજ નિર્મળ નિરંજન સહજાત્મસ્વરૂપ પ્રગટાવવાની ભાવના જાગે છે, જેનાથી જીવ નિર્વાણપદની પ્રાપ્તિ કરી કૃતાર્થ થઈ જાય છે.

માટે નિર્વાણ પ્રાપ્ત કરાવનાર એવા આ સમ્યગ્દર્શન શીલ આદિ આત્મિક ગુણો એજ અહીં અંતિમ મંગળમાં મંગળરૂપે ગ્રહ્યા છે. એવાં ઉત્તમ સમ્યગ્દર્શન [illegible]

જ્યાં પ્રગટતી આરાધના, બોધિસમાધિ પ્રાપ્તિ ત્યાં,
સુખ સિદ્ધિનાં શાશ્વત અહો! ભવભ્રમણ પૂર્ણ સમાપ્તિ ત્યાં;
તે ધન્ય જ્ઞાની, ધન્ય આજ્ઞા, ધન્ય સાધક વૃંદને,
કૃતકૃત્ય તે ભવજળ તરે, આરૂઢ સમકિત સ્યન્દને. ૮

અનુવાદ ભક્તિભાવથી સંપૂર્ણ અત્રે આ થયો,
મતિ સ્વલ્પતાથી ત્યાં કદાપિ ભાવ ન્યૂનાધિક ભર્યો;
કે દોષ કિંચિત્ જો દીસે તો સુજ્ઞ હે વિદ્વજ્જનો!
તે શુદ્ધ કરજો કરી ક્ષમા અપરાધ આ અલ્પજ્ઞનો. ૯

સદ્ગુરુ કૃપાળુ રાજ અંતરમાં સદા જો રાજતા,
સહજાત્મ શુદ્ધ અખંડરમણે ભાવભવિના ગાજતા;
ચૈતન્યરામી પરવિરામી પ્રશમધામી સ્વામી એ,
રાજેશ વચને જીવન રંગી અંગસંગ વિરામીએ. ૧૦

મંગલ કળશ.

શ્રી રાજચન્દ્ર કૃપાળુ ભજ મન પતિતપાવનકર વરં,
સમકિત નિર્મળ, દઈ સુદર્શન ચક્ર અરિબળ ક્ષયકરં;
અજ્ઞાનઅંધિત દૃષ્ટિઅંજિત તત્ત્વરંજિત મતિકરં,
સહજાત્મશ્રી પ્રગટાવી રમણીય મુક્તિરમણી રતિધરં. ૧

ભવભીતિ ભંજન, દુઃખ નિકંદન, પાપમંજન શુચિકરં,
સહજાત્મમગ્નં, કર્મભગ્નં, મુક્તિલગ્નં, શિવકરં;
અમૃતવચનં, શાંતચિત્તં, ધ્યાનરક્તં, શમધરં,
ચૈતન્યવ્યક્તં, મોહત્યક્તં, સિદ્ધિસક્તં, સુખકરં. ૨

ભવવારિ તારી દુઃખનિવારી મુક્તિનારી દાયકં,
અદ્ભુત શક્તિ આત્મવ્યક્તિ ભવવિરક્તિ વિધાયકં;
સર્વજ્ઞ શાસન ભવવિનાશન શિવપ્રકાશનપથવરં,
ભવિહિત નિધાનં, યુગપ્રધાનં, બોધિદાનં દ્યો વરં. ૩

જલ કમલવત્ નિર્લેપ કર્મે, આત્મધર્મે સ્થિતિધરં,
અશરીરી ભાવે, નિજસ્વભાવે, રમણ કરતા ગુરુવરં,
ભવતરણ તારણ દુઃખ નિવારણ, શર્મકારણ જયકરં,
જયવંત હો! મંગલ હો! આત્મસ્થ યોગીગણવરં. ૪

બોધિ સમાધિ નિધાન અદ્ભુત વિશ્વશાંતિ સુખકરં,
દુઃખ અરણ્ય શરણ્ય રમણ [illegible] મરણ વ્યાધિ ભયહરં;
તન મન વચન [illegible] ચરણકમળ હો ભવહરં,
સહજાત્મસ્વામી દુઃખવિરામી, શાંતિધામી શિવકરં. ૫

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ